તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું કાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123
નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com
NIRMAL METRO
Saturday
07.04.2018
Year 06, Issue 90
દૈનિક

● વર્ષ : ૬ ● અંક : ૯૦ ● તા.૦૭.૦૪.૨૦૧૮ શનિવાર ● ચૈત્ર વદ ૦૭ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

ભાજપ સ્થાપના દિવસે અમિત શાહનું આક્રમક સંબોધન

# મોદીના નેતૃત્વમાં ભાજપ પ્રચંડ બહુમતિ સાથે વિજયી થશે: શાહ

## બજારની વાત

તા.૦૬.૦૪.૨૦૧૮

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૩૩૬૨૬.૯૭ ૩૦.૧૭
(૦.૦૯%)

**નિફ્ટી**
૧૦૩૩૧.૬૦ ૬.૪૫
(૦.૦૬%)

**કોમોડીટી**

**ક્રુડ**
૪,૦૪૭.૦૦ -૬૮.૦૦ -
૧.૬૫%

**સોનું**
૩૦,૬૭૬.૦૦ ૧૨૯.૦૦
૦.૪૨%

**ચાંદી**
૩૮,૨૪૦.૦૦ ૧૪.૦૦
૦.૦૪%

**નેચરલ ગેસ**
૧૭૫.૪૦ ૨.૦૦ ૧.૧૫%

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૬૪.૯૭ ૦.૦૦ ૦.૦૦%

**યુરો / રૂપિયો**
૭૯.૬૮ ૦.૨૮ ૦.૩૫%

**પાઉન્ડ / રૂપિયો**
૯૧.૪૮ ૦.૬૪ ૦.૭૧%

## મોદીની લોકપ્રિયતાની આંધીના કારણે સાંપ, નોળિયા, બિલાડી, કુતરા એક સાથે આવ્યા : લોકસભા ચૂંટણી માટે કાઉન્ટડાઉન શરૂ થયું છે : અમિત શાહ

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૬

ભાજપની ૩૮મી સ્થાપના દિવસના પ્રસંગે આજે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભાજપ પ્રમુખ અમિત શાહે હાજરી આપી હતી. અમિત શાહે આપ્રસંગે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ ચુકી છે. અમિત શાહે આ પ્રસંગે આક્રમક સંબોધન કર્યું હતું. અમિત શાહે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણી માટે અત્યારથી જ કામ કરવાની જરૂર છે. કામમાં લાગી જવા અમિત શાહે તમામને અપીલ કરી હતી. વડાપ્રધાન મોદીની લોકપ્રિયતાની સરખામણી પુર સાથે



કરતા તેમણે કહ્યું હતું કે, તેમની સામે તમામ વૃક્ષો ધરાશાયી થઈ ચુક્યા છે. વિપક્ષની એકતાના પ્રયાસો પર પ્રહાર કરતા કહ્યું હતું કે, સમગ્ર વિપક્ષ એક સાથે આવવાની વાત કરે છે પરંતુ જ્યારે પુર આવે છે ત્યારે તમામ વૃક્ષ તુટી પડે છે. માત્ર એક જ વૃક્ષ બચી જાય છે. જેમાં સાંપ, બિલાડી, કુતરા, નોળિયો ચઢી જાય છે. આવી જ રીતે મોદીની આંધીમાં તમામ સાથે આવી ગયા છે. શાહે કહ્યું હતું કે, મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકેના એક છે. તમામ લોકોને ઘેર ઘેર જઈ તૈયારીમાં લાગી જવા અમિત શાહે આહવાન કર્યું હતું. શાહે એમ પણ કહ્યું હતું કે, ભાજપ ૧૧ કરોડ કાર્યકર્તાઓની સાથે સૌથી મોટી પાર્ટી છે. સંસદમાં જવાબ ન આપવાના કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાતના આક્ષેપના જવાબમાં શાહે કહ્યું હતું કે, સંસદને ખોરવી નાંખવાના સંદર્ભમાં ગુલામ નબી આઝાદ કહે છે કે સરકાર જવાબ આપવા ઈચ્છુક નથી પરંતુ કોંગ્રેસે રમખાણો સર્જીને કામગીરી ચાલવા દીધી નથી. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, સરકાર કોઈપણ મુદ્દા ઉપર કોઈપણ સમયે વાતચીત માટે તૈયાર છે. જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં સેનાની છાવણી પર કરવામાં આવેલા હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક પર કેન્દ્ર સરકારની પ્રસંશા કરતા તેમણે કહ્યું હતું કે, ભારત ત્રાસવાદી હુમલાનો બદલો લઈ રહ્યો છે. મોદીની લીડરશીપમાં ઈઝરાયેલ અને અમેરિકા બાદ આતંકવાદનો જવાબ આપનાર ભારત હવે ત્રીજા દેશ તરીકે છે. એસસી અને એસટી એક્ટને લઈને રાહુલ ગાંધીના આક્ષેપો ઉપર અમિત શાહે કહ્યું હુતં કે, રાહુલ ગાંધી ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. રાહુલ કહી રહ્યા છીએ કે મોદી સરકારે એસસી અને એસટી એક્ટને દૂર કરી દીધા છે. શાહે ખાતરી આપતા કહ્યું હતું કે, કોઈ એક્ટને દૂર કરવામાં આવ્યા નથી. મોદી સરકાર અનામતને લઈને ખુબ જ ગંભીર છે. અનામતને દૂર કરવાની કોઈ જોગવાઈ નથી. શાહે એમ પણ કહ્યું હતું કે, યુપીની લોકસભા ચૂંટણીમાં હાર અંગે રાહુલના આક્ષેપોનો જવાબ આપતા કહ્યું હતું કે, લોકસભાની બે બેઠકોની પેટાચૂંટણી હારી ગયા તો રાહુલ ગાંધીએ મિઠાઈઓ વહેંચી હતી. તેઓએ એવા પહેલા નેતાને જોયા છે જે પોતાની પાર્ટીની કારમી હાર થઈ હોવા છતાં અને પાર્ટીના નેતાઓની ડિપોઝિટ ડુલ થઈ હોવા છતાં મિઠાઈઓ વહેંચી રહ્યા છે. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, ઓરિસ્સા અને બંગાળમાં શાનદાર જીત મળ્યા બાદ જ અમારા માટે સુવર્ણ યુગની શરૂઆત ગણાશે. બંને રાજ્યોમાં ફરીથી જીત મેળવીને લોકોમાં આત્મવિશ્વાસ જગાવવામાં આવશે. કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવીશું.



ગિલ્ડેસ્કલના શહેર પાસે આવેલા આ ટોઈલેટમાં લક્ઝરી રૂમ, હિમસ્તરનો ગ્લાસ અને કોંક્રિટનું બાંધકામ છે, આ એક નવા આરામ ક્ષેત્રનો ભાગ છે, જે અંદાજે ૧૪ લાખ પાઉન્ડ(અંદાજે ૧૩ કરોડ રૂપિયા)ના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. નોર્વેજીય સિનિક રૂટ્સ વેબસાઈટમાં જણાવ્યું કે, 'કલરફુલ બેન્ચ સાથે, નવા તરંગ આકારના શૌચાલયની સુવિધા અને તેના ટેરેસ પરથી દેખાતો ખુલ્લો દરિયો ઉત્તરમાં પ્રવાસીઓ માટે એક અદભૂત અનુભવ હશે. હવે આ શૌચાલય સામાન્ય જનતા માટે ખુલ્લુ મુકાયું છે. શિયાળામાં નોર્થન લાઈટ્સના વખાણવા લાયક કદાચ આ એક જગ્યા છે. વિસ્તૃત અપગ્રેડેશન પછી આ શૌચાલય નવી ભવ્યતાથી ઝળકે છે.

૧૩મી એપ્રિલથી પાંચમી મે સુધી ઉજવણીનો દોર

# આંબેડકરના જન્મદિવસને ભવ્ય રીતે મનાવવા નિર્ણય

## ભાજપ દ્વારા જુદા જુદા કાર્યક્રમો : નેતાઓ અને મંત્રીઓ લોકોની વચ્ચે જશે : યોજનાઓના સંદર્ભે માહિતી અપાશે

એજન્સી દ્વારા
જોધપુર, તા. ૫

ભાજપ સ્થાપના દિવસના પ્રસંગે આજે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ટોપના નેતાઓ પણ જોડાયા હતા. દલિત આંદોલન બાદ દલિતોના મુદ્દે વિપક્ષને ઘેરવાના હેતુસર ભાજપે બાબા સાહેબ આંબેડકરના જન્મદિવસે ભવ્ય કાર્યક્મ યોજવાની આજે જાહેરાત કરી હતી. આંબેડકરના જન્મદિવસને ભવ્ય રીતે મનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આની જાહેરાત કરી હતી. ભાજપના તમામ નેતા, ધારાસભ્યો અને મંત્રી આ ગાળા દરમિયાન લોકોની વચ્ચે જશે અને લોકોને પોતાની સરકારની યોજનાઓના સંદર્ભમાં માહિતી આપશે. મુંબઈમાં અમિત શાહે આજે કહ્યું હતું કે, ૧૩મી એપ્રિલથી લઈને પાંચમી મે સુધી જુદા જુદા અભિયાન ચલાવીને આંબેડકરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. આ ગાળા દરમિયાન ભાજપના તમામ નેતાઓ અને મંત્રી લોકોની વચ્ચે જઈને ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે લોકોને માહિતી આપશે. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, નગરપાલિકા, નગરનિગમ, અન્ય સંસ્થાઓ સાથે ૨૦૦૦૦ ગામોમાં જશે. તેમણે ઉમેર્યુ હતું કે, કેન્દ્રીય મંત્રીઓ અને મોટા નેતાઓને અલગ અલગ ક્ષેત્ર આપવામાં આવ્યા છે. સંસદ સત્ર ચાલી શક્યું નથી જેથી આના વિરોધમાં ૧૨મી એપ્રિલના દિવસે તમામ ભાજપ સાંસદ પોતાના ક્ષેત્રમાં ધરણા યોજશે અને ઉપવાસ કરશે. ભાજપ ૨૧ રાજ્યોમાં પ્રત્યક્ષરીતે અથવા પરોક્ષરીતે સત્તામાં છે ત્યારે ભાજપે પાર્ટી વર્કરો તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરુપે તમામ પ્રધાનો અને અન્ય ટોપના લોકો પાર્ટી વર્કરો સાથે વાત કરશે. પાંચ લોકસભા મત વિસ્તારના ભાજપના કાર્યકરો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાત કરશે. પાર્ટીના ૭૩૪ જિલ્લા એકમોના પ્રમુખો સાથે વાતચીત થઈ રહી છે. પાંચ લોકસભા મતવિસ્તાર જે પસંદ કરવામાં આવ્યા છે તેમાં નવી દિલ્હી, નોર્થ-ઈસ્ટ દિલ્હી, હિમાચલ પ્રદેશમાં હમીદપુર, નોર્થ સેન્ટ્રલ મુંબઈ, બિહારમાં સારનનો સમાવેશ થાય છે. ભાજપ દ્વારા અન્ય જુદા જુદા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. જુદી જુદી ઉજવણી વિવિધ રાજ્યોમાં થઈ રહી છે. ડિજિટલ અને સોશિયલ મિડિયા મારફતે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી લોકલક્ષી કામગીરી રજૂ કરવામાં આવી રહી છે.

## હવે વાઢેરા સાથે સંબંધિત કંપનીની અરજી ફગાવાઈ

એજન્સી દ્વારા
નવીદિલ્હી,તા. ૬

હરિયાણા અને રાજસ્થાનમાં તેના ૨૦૧૦-૧૧માં જમીન સોદાબાજીના ફેર મૂલ્યાંકન માટે ઈન્કમ ટેક્સ નોટિસ સામે રોબર્ટ વાઢેરા સાથે સંબંધિત કંપનીની અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. વાઢેરા પ્રિયંકા ગાંધીના પતિ છે અને સોનિયા ગાંધીના જમાઈ છે. આ કંપનીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને તપાસને રોક્વા માટેની માંગ કરી હતી. આ તપાસના ભાગરુપે વાઢેરા સામે આઈટી વિભાગ દ્વારા સમન્સ જારી કરીને વ્યક્તિગત રીતે ઉપસ્થિત થવા માટે સૂચના આપી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કંપની સ્કાયલાઈટમાં તપાસ શરૂ થઈ હતી જે હજુ ચાલી રહી છે. રોબર્ટ વાઢેરા આ કંપનીના ડિરેક્ટર તરીકે છે.

તમામ તૈયારી દલીલ છતાં શુક્રવારે જામીન ન મળ્યા

# સલમાનની જામીન અરજી પર આજે સુનાવણી : બધાની નજર

## સલમાનને વધુ એક રાત્રિ જોધપુર જેલમાં ગાળવી પડશે દોઢ કલાક દલીલો : આજે સવારે ૧૦.૩૦ વાગે સુનાવણી

એજન્સી દ્વારા
જોધપુર,તા. ૬

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનને વધુ એક દિવસ સુધી જોધપુરની સેન્ટ્રલ જેલમાં જ રહેવુ પડશે. કારણ કે અભિનેતા સલમાન ખાનના વકીલ દ્વારા કરવામાં આવેલી જામીન અરજી પર આજે ફેસલો કરવામાં આવ્યો ન હતો. ચુકાદાને આજે એક દિવસ માટે ટાળી દેવામાં આવ્યો હતો. હવે આવતીકાલે શનિવારના દિવસે ૧૦.૩૦ વાગે જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવશે. સલમાનની જામીન ટાળી દેવા માટે વિરોધ પક્ષના વકીલોની સીજેએમ કોર્ટ પાસેથી રેકોર્ડ મંગાવવાની દલીલ મહત્વપૂર્ણ રહી હતી. કોર્ટે રેકોર્ડ મંગાવવાની માંગ કરીને સુનાવણી ટાળી દીધી હતી. માત્ર એક દલીલથી જામીન ટળી ગયા હતા. સલમાનના વકીલો વચ્ચે બિશ્નોઈ સમાજના વકીલે દલીલ મુકી હતી કે, સલમાનને સજા ત્રણ વર્ષથી વધારે થઈ છે જેથી આ મામલામાં સીજેએમ કોર્ટ દ્વારા રેકોર્ડ નિહાળવામાં આવે તે જરૂરી છે. જજે આ દલીલ સ્વીકારી લીધી હતી. વકીલ મહિપાલ બિશ્નોઈએ માહિતી આપતા કહ્યું હતું કે, મામલો લાંબા સમયથી ચાલી રહ્યો છે જેથી રેકોર્ડ નિહાળવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, સલમાનના જામીન ટાળી દેવામાં આવે તેવા તેમના કોઈ ઈરાદા ન હતા. મામલો ગંભીર છે જેથી તમામ બાબતો ઉપર ધ્યાન આપવું જોઈએ. બીજી બાજુ વકીલોનું કહેવું છે કે, અન્ય આરોપીની જેમ સલમાનને પણ શંકાનો લાભ મળવો જોઈએ. ગઈકાલે રાત્રે જોધપુર સેન્ટ્રલ જેલમાં જ સલમાને રાત્રી ગાળી હતી. ગઈકાલે તેના વકીલ એચએમ સારસ્વત દ્વારા સલમાન ખાનને જામીન મળ્યા બાદ તરત જ સેશન્સ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સારસ્વતે કહ્યુ હતુ કે કોર્ટના ચુકાદા બાદ સલમાન ખાનને અપરાધી ઠેરવવા સામે પણ અપીલ દાખલ કરવામાં આવનાર છે. ગઈકાલે ચુકાદો આપતા કોર્ટે કહ્યુ હતુ કે સલમાન ખાનના લાખો ચાહકો છે. જેથી તેમને વધારે સાવધાન રહેવાની જરૂર છે. આરોપી લોકપ્રિય અભિનેતા છે. તેના માર્ગ પર લાખો ચાહકો આગળ વધવા માટે ઈચ્છુક છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં જોધપુરની કોર્ટે ગુરૂવારના દિવસે તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે આ કેસમાં બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને દોષિત જાહેર કર્યો હતો અને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત તેના ઉપર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. સજા વધારે હોવાથી ચુકાદો આવ્યા બાદ સલમાનને તરત જ કસ્ટડીમાં લઈને જેલમાં લઈ જવામાં આવ્યો હતો. આ કેસમાં અન્ય આરોપીઓ નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં સેફ અલી ખાન, સોનાલી બેન્દ્રે, નીલમ અને તબ્બુને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

દેશભરમાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ ફેલાયો

# IPL-૧૧ની આજથી ખુબ રોચક શરૂઆત : ૬૦ ટ્વેન્ટી મેચ રમાશે

## મુંબઈ ઈન્ડિયન્સ ટીમ તાજ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે વિદેશી, સ્થાનિક ક્રિકેટર છવાઈ જવા તૈયાર : છગ્ગા-ચોગ્ગાનો વરસાદ થશે

એજન્સી દ્વારા
મુંબઈ,તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે.આઈપીએલની મેચો આવતીકાલે સાતમી એપ્રિલના દિવસે શરૂ થયા બાદ છેક ૨૭મી મે સુધી ચાલનાર છે. કરોડો ચાહકોમાં ભારે રોમાંચની સ્થિતી જોવા મળી રહી છે. ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સ ટીમની આઈપીએલમાં ફરી એકવાર વાપસી થઈ છે. વર્ષ ૨૦૧૩ના આઈપીએલ બેટિંગ કેસના મામલે તેમના સંબંધિત માલિકો સામેલ રહ્યા બાદ આ બન્ને ટીમો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. બે વર્ષના પ્રતિબંધ બાદ આ ટીમો પરત ફરી છે. ડીઆરએસ સાથે આ પ્રથમ સિઝન રહેનાર છે. સ્ટાર સ્પોર્ટસે તમામ મિડિયા અધિકારો ખરીદી લીધા છે. છેલ્લે આઈપીએલ-૧૦માં રોમાંચકર ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સે રાઈઝિંગ પુણે સામે માત્ર એક રને જીત મેળવી હતી. આની સાથે જ મુંબઈએ ત્રીજી વખત આ ટ્રોફી જીતી લીધી હતી. તે તાજ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આવતીકાલે પ્રથમ મેચમાં જ મુંબઈ ઈન્ડિયન અને ચેન્નાઈ સુપર વચ્ચે જંગ ખેલાશે. જેમાં રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની સામ સામે આવશે.અન્ય ટીમો પણ જોરદાર દેખાવ કરવા તૈયાર છે. ખાસ કરીને ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આઈપીએલ-૧૧ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આગામી સપ્તાહો સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે.આઈપીએલ-૧૧માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત આવતીકાલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી-૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૧૧માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે. અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના કોઈ ખેલાડીએ ભવ્ય દેખાવ કર્યો છે. આ તમામ ખેલાડીઓને પસંદગીકારોનુ ધ્યાન દોરવાની તક રહેલી છે. ગુજરાતના જે ખેલાડી રમાનાર છે જેમાં ઈરફાન, યુસુફ, પાર્થિવ પટેલ સિવાય જયદેવ ઉનડકટ, અક્ષર પટેલનો સમાવેશ થાય છે.તમામ ૧૦ સ્ટેડિયમ ખાતે પુરતી તૈયારી કરી લેવામાં આવી છે. લીગ તબક્કામાં કુલ ૫૬ મેચો રમાનાર છે. લીગ મેચો સાતમી એપ્રિલથી શરૂ થશે. ટોપની ચાર ટીમો પ્લે ઓફમાં રમનાર છે. આ વખતે અનેક સ્ટાર ખેલાડી હાલમાં ઘાયલ હોવાથી ક્રિકેટ ચાહકો નિરાશ છે. પરંતુ તેમની શરૂઆતની કેટલીક મેચો બાદ વાપસી થનાર છે. કેટલાક ખેલાડી સમગ્ર શ્રેણીમાં પણ રમનાર નથી. આવી સ્થિતીમાં રોમાંચકતા પર માઠી અસર થઈ શકે છે. આઈપીએલની પ્રથમ મેચમાં આજે સનરાઈઝ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. આ મેચ હૈદરાબાદ ખાતે રમાનાર છે જેનો ભારે રોમાંચની સ્થિતિ પ્રવર્તી રહી છે. સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયાએ આગામી પાંચ વર્ષ માટે બીસીસીઆઈના મિડિયા અધિકાર ખરીદી લીધા છે. ઈ હરાજી મારફતે ગઈકાલે ત્રીજા દિવસે સ્ટારે રેકોર્ડ ૬૧૩૮.૧ કરોડ રૂપિયાની મોટી બોલી લગાવીને બોર્ડના મિડિયા અધિકારો ઉપર કબજો જમાવી લીધો હતો. આ રેસમાં સ્ટાર ઉપરાંત સોની અને રિલાયન્સ ગ્રુપની કંપની જીઓ પણ સામેલ હતી. હવે ભારતની આગામી પાંચ વર્ષમાં થનારી સ્થાનિક દ્વિપક્ષીય શ્રેણીનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ દ્વારા કરવામાં આવશે. ૨૦૧૮થી ૨૦૨૩ના ગાળામાં રમાનારી મેચોનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. આ પહેલા વર્ષ ૨૦૧૨માં સ્ટાર ટીવીએ બીસીસીઆઈ પાસેથી આ અધિકાર ૩૮૫૧ કરોડ રૂપિયામાં બોલી લગાવીને ખરીદી લીધા હતા. આ વખતે બોર્ડે ઈ હરાજી પ્રક્રિયા ત્રણ દિવસ સુધી હાથ ધરી હતી.

હરાજીના બીજા દિવસે મિડિયા અધિકારો માટે થયેલી બોલી ૬૦૩૨.૫ કરોડ સુધી પહોંચી હતી. સ્ટારે આજે વધુ ઉપર પહોંચીને ૬૧૩૮.૧ની ઉંચી બોલી લગાવી હતી. હવે સ્ટારની પાસે બીસીસીઆઈના તમામ અધિકાર રહેશે જેમાં ભારત અને વર્લ્ડ ઈલેવનના પ્રસારણ તથા ડિજિટલ અધિકાર પણ રહેશે. આ પાંચ વર્ષના ગાળામાં ભારતીય ટીમ વનડે, ટેસ્ટ અને ટ્વેન્ટી મેચ ગણીને ૧૦૨ મેચો રમશે. બીસીસીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, ભારતીય ક્રિકેટની તાકાત આનાથી દેખાઈ આવે છે. અહીં કોઈપણ પ્રકારની નકારાત્મકતા, વહીવટી ગેરરીતીઓ અને મોટા વિવાદનો સામનો કરી શકે છે પરંતુ બીસીસીઆઈના અધિકારોને આજે સ્ટાર સ્પોર્ટ્સ ઈન્ડિયાએ જંગી રકમમાં ખરીદી કરી હતી.વિરાટ કોહલી, એમએસ ધોની, રોહિત શર્મા સહિતના તમામ સ્ટાર ભારતીય ખેલાડીઓ અને દુનિયાના તમામ સ્ટાર ખેલાડી એક સાથે મેદાનમાં ઉતરનાર છે. બેન સ્ટોક્સ પર પણ તમામની નજર રહેનાર છે. સ્વી સ્મીથ અને જેવિડ વોર્નર ફસાઈ જવાના કારણે તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

## નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

સંસદને લોકશાહીનું મંદિર કહેવાય છે. પરંતુ આ મંદિર ૨૦૧૮ના બજેટ સત્રમાં એક પણ દિવસ સારી રીતે દર્શન ન આપી શક્યું. આપણે જેને મત આપીને આ મંદિરમાં બેસાડયા એ જ લોકોએ મંદિરની ગરીમા ન જાળવી. સંસદનું સમગ્ર બજેટ સત્ર સાંસદોના હોબાળામાં સ્વાહા થઈ ગયું. સરકાર-વિપક્ષના એકબીજા પર આક્ષેપોની સાથે આવતીકાલે સત્રનો છેલ્લો દિવસ આવી ગયો છે. વર્ષ ૨૦૧૮નું સમગ્ર બજેટ સત્ર હોબાળામાં હોમાઈ ગયું. તો સત્રનો બીજા ભાગ શુક્રવારે પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે આ સત્ર વર્ષ ૨૦૦૦ બાદ સૌથી નાનું રહ્યું. સંસદમાં આમ તો રૂપિયા ૨૪ લાખ કરોડનું બજેટ પાસ થયું પરંતુ તેના પર એક દિવસ પણ સારી રીતે ચર્ચા ન થઈ શકી. લોકસભાના સાંસદોએ બજેટ પર માત્ર ૧૪ કલાક અને રાજ્યસભાના સાંસદોએ માત્ર ૧૦.૯ કલાક જ ચર્ચા કરી.આ પહેલાના બજેટ સત્રની વાત કરીએ તો સત્રમાં કુલ સમયના ૨૦ ટકા અથવા તો ૩૩ કલાક બજેટની ચર્ચા થતી હતી. આ સાથે પ્રોડક્ટીવીટીની વાત કરીએ તો ૨૦૧૮નું સત્ર ચોથું સૌથી ખરાબ સત્ર રહ્યું. લેજિસ્લેટિવના ડેટાનું માનીએ તો વર્ષ ૨૦૧૦નું શીતકાલિન સત્રમાં લોકસભાની અંદર પ્રોડિક્ટવ કામમાં ખુબ જ ઓછો સમય ખર્ચ કરવામાં આવ્યો હતો. આ તરફ રાજ્યસભાની સ્થિતિ વધુ ખરાબ રહી. વર્ષ ૨૦૧૦માં રાજ્યસભામાં માત્ર ૨ ટકા સમય જ ખર્ચ કરવામાં આવ્યો.૨૦૧૮ના સત્રમાં પ્રશ્ન કાળનો ઉપયોગ પર ખુબ જ ઓછો થયો. લોકસભામાં નક્કી કરેલા સમયનો ૧૬ ટકા ભાગ જ સવાલમાં વપરાયો. જ્યારે રાજ્યસભામાં તો આંકડો માત્ર ૫ ટકા છે. પ્રશ્નકાળનો ઉપયોગ ખાસ કરીને સાંસદો દ્વારા સરકારને પ્રશ્ન પૂછવામાં થાય છે.સંસદમાં સતત થઈ રહેલા હોબાળાને કારણે કાર્યવાહી ન ચાલી શકી. તેને લઈ પક્ષ અને વિપક્ષ એકબીજાને કસુરવાર ગણાવી રહ્યા છે. આ બધાની વચ્ચે ભાજપ અને એનડીએના તમામ સાંસદોએ એવો નિર્ણય કર્યો કે તેઓ ૨૩ દિવસનું વેતન નહીં લે. કારણ કે આ દિવસો દરમિયાન કાર્યવાહી ચાલી શકી ન હતી.એનડીએના સાંસદોના મતે સંસદની કાર્યવાહી પાછળ ખર્ચ થતાં કરોડો રૂપિયા દેશની જનતાની સેવા માટે અમને મળે છે. પરંતુ જો અમે જનતાનું કામ જ ન કરી શકીએ તો અમને તે રૂપિયા લેવાનો કોઈ હક નથી. નિર્ણય સારો છે પરંતુ સંસદની કાર્યવાહી સારી રીતે ચલાવવાની જવાબદારી પણ સરકારની હોય છે અને હાલ કેન્દ્રમાં એનડીએ સરકાર છે. તે ન ભૂલવું જોઈએ.વર્ષ ૨૦૦૦ બાદથી સૌથી ઓછુ કામ આ સત્ર દરમિયાન થયુ છે. સંસદમાં ભલે ૨૪ લાખ કરોડ રૂપિયાનુ બજેટ પાસ કરવામાં આવ્યુ છે પરંતુ તેના પર એંકદરે એક દિવસ પણ ચર્ચા કરવામાં આવી નથી. સાંસદોએ જ્યાં એકબાજુ લોકસભામાં બજેટ પર ચર્ચામાં માત્ર સાઢા ૧૪ કલાકનો સમય લગાવ્યો હતો. જ્યારે રાજ્યસભામાં આ આંકડો ૧૦.૯ કલાકનો રહ્યો છે. આના પહેલા બજેટ સત્રની વાત કરવામા આવે તો સામાન્ય રીતે સત્રના કુલ સમય પૈકી ૨૦ ટકા અથવા તો ૩૩ કલાક બજેટ પર ચર્ચામાં ખર્ચ થાય છે. આ ઉપરાંત પ્રોડક્ટીવિટિની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૮નુ સત્ર ચોથુ સૌથુ ખરાબ સત્ર રહ્યુ છે. સાંસદોએ ભારે ધાંધલ ધમાલ જુદા જુદા વિષયને લઈને કરી હતી.બજેટ રજૂ કરવામાં આવ્યા બાદથી જ સતત ધાંધલ ધમાલ થઈ હતી.

# ભાજપની બે બેઠકથી માંડીને બહુમતિની સફર



ભાજપની પૂર્વવતી પાર્ટી ભારતીય જનસંઘની સ્થાપના ૧૯૫૧-૫૨માં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ કરી હતી. ભારતીય જનસંઘની સ્થાપના કોંગ્રેસ સાથેની કેટલીક વૈચારીક અસહમતિઓ સંદર્ભે ભારતીય રાજકારણમાં જવાબ આપવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તત્કાલિન સરસંઘચાલક એમ. એસ. ગોલવલકરની પ્રેરણાથી કરવામાં આવી હતી.ભારતીય જનસંઘને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાજકીય પાંખ તરીકે જ ઓળખવામાં આવતી હતી. તેમાં બલરાજ મધોક, દીનદયાળ ઉપાધ્યાય, અટલ બિહારી વાજપેયી, નાનાજી દેશમુખ અને અડવાણી સહીતના ઘણાં મોટા નેતાઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાંથી જ પાર્ટીમાં ઉતારવામાં આવ્યા હતા. તેથી સ્વાભાવિક છે કે ભારતીય જનસંઘ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રભાવ ઘણો મોટો હતો.ભારતીય જનસંઘની સ્થાપના સમયે આઝાદી સમયે વિભાજનની વેદના પણ સમાજમાં બહુ મોટા પ્રમાણમાં જોવા મળતી હતી. વિભાજન માટે કોંગ્રેસની કેટલીક નીતિઓને અને રાજકારણને જવાબદાર માનનાર ઘણો મોટો વર્ગ હતો. પરંતુ તેની રાજકીય અભિવ્યક્તિ ન હતી. તેથી ભારતીય જનસંઘ હિંદુત્વ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારા સાથે મેદાનમાં આવ્યો હતો. જો કે તેના સંસ્થાપક પ્રમુખ શ્યામ પ્રસાદ મુખર્જીનું ૧૯૫૩માં કાશ્મીર સત્યાગ્રહ દરમિયાન જમ્મુ-કાશ્મીરની જેલમાં વિવાદાસ્પદ સંજોગોમાં નિધન થયું હતું. જેને કારણે ભારતીય જનસંઘને લોકો સુધી પહોંચાડવામાં ઘણો મોટો ફટકો પડયો હતો. પરંતુ ત્યાર બાદ જનસંઘની બાગડોર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક દીનદયાળ ઉપાધ્યાયના હાથમાં આવી હતી.પોતાની સ્થાપનાના પહેલા દશકમાં ભાજપના પૂર્વવતી ભારતીય જનસંઘે જમ્મુ-કાશ્મીરના ભારતમાં અર્થપૂર્ણ જોડાણ, ગૌહત્યા પ્રતિબંધ, ક્ષેત્રીય અખંડતા, હિંદુત્વ જેવા મુદ્દાઓ પર વધારે ધ્યાન કેન્દ્રીત રહ્યુ હતું. આ સિવાય જમીનદારી અને જાગીરદારી વિરુદ્ધ આ પાર્ટીએ વિરોધનું બ્યૂગલ વગાડયું હતું. પરમિટ લાઈસન્સ રાજ વિરુદ્ધ પણ આ પાર્ટીએ અવાજ ઉઠાવ્યો હતો. ભારત પરમાણુ શક્તિ બને તેના પક્ષમાં પણ ભારતીય જનસંઘ તેની શરૂઆતના ગાળાથી જ હતો.આ મુદ્દાઓને કારણે જનતામાં ભારતીય જનસંઘની લોકપ્રિયતા વધવા લાગી હતી. જેના કારણે ૧૯૬૭માં કોંગ્રેસને સત્તા પરથી હટવું પડયું. પંજાબથી લઈને બંગાળ સુધી તમામ જગ્યાએ કોંગ્રેસ વિરોધી સરકાર અને અમૃતસરથી લઈને કોલકત્તા સુધી કોંગ્રેસનું ક્યાંય નામોનિશાન ન હતું.પંડીત દીનદયાળ ઉપાધ્યાયની અધ્યક્ષતામાં કાલીકટમાં અભૂતપૂર્વ સંમેલન આયોજિત કરવામાં આવ્યું. અહીં રાષ્ટ્રીય ભાષા નીતિ પર વિચાર વિમર્શ કરવામાં આવ્યો અને નિર્ણય કરવામાં આવ્યો કે તમામ ભારતીય ભાષાઓનો સમાદર કરતા, દેશમાં રાજભાષાની ગંગા વહેવડાવામાં આવશે.પરંતુ આ ઐતિહાસિક સંમેલન બાદ પં. દીનદયાળ ઉપાધ્યાયની કેટલાંક દિવસોમાં હત્યા કરી દેવામાં આવી અને તેમની લાશ મુગલસરાય રેલવે સ્ટેશન પર પડેલી મળી હતી. ભારતીય જનસંઘને દીનદયાળ ઉપાધ્યાયની હત્યાથી ઘણો મોટો ફટકો પડયો હતો. તે વખતે સીબીઆઈની તપાસની માગણી કરવામાં આવી પરંતુ જે પ્રકારની તપાસ કરવામાં આવી તે રાજકારણથી પ્રેરીત હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો.ત્યાર બાદ જનસંઘમાં બલરાજ મધોક અને અટલ બિહારી વાજપેયી વચ્ચેના રાજકીય દંગલમાં મધોકને જનસંઘ છોડવું પડયું. અટલ બિહારી વાજપેયીના હાથમાં ભારતીય જનસંઘની બાગડોર આવી હતી. તેમના નેતૃત્વમાં બાંગ્લાદેશના મુક્તિ આંદોલન માટે આ પક્ષે ઉત્સાહપૂર્વક ભાગ લીધો.જનસંઘે જેપી આંદોલનને પુરજોર સમર્થન આપ્યું. કટોકટી વખતે પણ જનસંઘી નેતાઓ અને કાર્યકર્તાઓની ધરપકડો કરવામાં આવી હતી. જનસંઘના કટોકટી સામેના પ્રયત્નોને દેશભરમાં ઘણી પ્રશંસા મળી હતી. ૧૯૭૭માં ઈન્દિરા ગાંધીની સરકારના પતન બાદ સત્તા પર આવેલી મોરારજી દેસાઈના વડપણવાળી જનતા પાર્ટીની સરકારમાં જનસંઘ પણ જોડાયું હતું. તે વખતે અટલ બિહારી વાજપેયી વિદેશ મંત્રી અને એલ. કે. અડવાણી માહિતી અને પ્રસારણ પ્રધાન બન્યા હતા. જો કે આ સરકાર ૩૦ માસના ટૂંકાગાળામાં આંતરીક ડખાને કારણે પડી ગઈ હતી.પરંતુ આ સમયગાળામાં જનસંઘની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સદસ્યતાના મુદ્દે બેવડી સદસ્યતાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જેના કારણે જનસંઘને જનતા પાર્ટીમાં ભેળવી દેવામાં આવ્યું હતું. પરંતુ ચૌધરી ચરણસિંહની ટૂંકાગાળાની સરકારના પણ ઘર ભેગા થયા બાદ જનતા પાર્ટીનું વિખંડન થયું અને ૧૯૮૦ની ૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરવલામાં આવી.ભારતીય જનતા પાર્ટીની સ્થાપના વખતે તેને પાર્ટી વિથ ધ ડિફરન્સ હોવાનો દાવો કરવામાં આવ્યો. તેની સાથે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ગાંધીયન સોશ્યાલિજમની વિચારધારા હેઠળ ૧૯૮૪માં ચૂંટણીમાં ઉતરી. પરંતુ ઓપરેશન બ્લૂ સ્ટારના વિરોધમાં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની શીખ અંગરક્ષકો દ્વારા હત્યા બાદ કોંગ્રેસને સિમ્પથી વોટ મળ્યા અને ત્રણ ચતુર્થાંસ બહુમતી સાથે રાજીવ ગાંધી કોંગ્રેસ તરફથી વડાપ્રધાન બન્યા. જો કે ઓપરેશન બ્લૂ સ્ટાર અને શીખ વિરોધી રમખાણોનો ભાજપે ખૂબ વિરોધ કર્યો હતો. પરંતુ ૧૯૮૪ની ચૂંટણીમાં ગાંધીયન સોશ્યલિજમ સાથે અટલ બિહારી વાજપેયીની નેતૃત્વમાં આખા દેશમાંથી ભાજપને માત્ર બે બેઠકો મળી હતી.આ હાર બાદ ભાજપની નેતાગીરીમાં ખૂબ આત્મમંથનનો દોર ચાલ્યો. ત્યાર બાદ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ની નાબૂદી, સમાન નાગરીક ધારા સહીત રામજન્મભૂમિ પર ભવ્ય રામમંદિર નિર્માણના મુદ્દાને આગળ વધારવા માટે સહમતિ બની. રામજન્મભૂમિ આંદોલનમાં વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ટેકામાં ભાજપના લાલકૃષ્ણ અડવાણીએ કમાન સંભાળી. જો કે ૧૯૮૪થી ૧૯૮૯ સુધી રામજન્મભૂમિ આંદોલને એટલી તીવ્રતા પકડી ન હતી. બોફોર્સ કાંડને કારણે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધી સામે ભ્રષ્ટાચારના આરોપને કારણે લોકજુવાળ ઉભો થયો હતો. અને વી. પી. સિંહની બગાવતે કોંગ્રેસને સત્તામાંથી દૂર કરવામાં સફળતા મેળવી. ૧૯૮૯માં કેન્દ્રમાં જનતાદળની મોરચા સરકાર સત્તા પર આવી.પરંતુ ઉત્તર પ્રદેશમાં મુલાયમ સિંહની સરકાર દ્વારા કારસેવકો પર ગોળીબારની ઘટના અને વી. પી. સિંહના વડપણ હેઠળની જનતાદળ મોરચા સરકારને બહારથી ટેકો આપી રહેલા ભાજપના હિંદુત્વના કાર્ડના તોડ માટે મંડલની રાજનીતિ શરૂ કરવામાં આવી. અનામતની રાજનીતિને આગળ વધતી રોકવા માટે ભાજપને તે વખતે નિર્ણય લેવો જરૂરી હતો. જો મંડલ રાજનીતિને આગળ વધારવામાં તત્કાલિન વડાપ્રધાન વી. પી. સિંહ સફળ થઈ જાત તો કદાચ ભાજપ માટે હિંદુત્વના કાર્ડ હેઠળ રામજન્મભૂમિ મુદ્દાને આગળ વધારવો અઘરો પડે તેમ હતું.આથી અડવાણીએ આરએસએસ અને વીએચપીની સહમતિથી રામરથ યાત્રાની જાહેરાત કરી અને બિહારમાં સમસ્તીપુર ખાતે ધરપકડ વ્હોરી. ત્યાર બાદ વી. પી. સિંહની સરકારને ભાજપે ટેકો પાછો ખેંચતા તેને ઘર ભેગા થવું પડયું હતું.

રામજન્મભૂમિ આંદોલનમાં અગ્રિમ ભૂમિકાને કારણે અને અન્ય રાજકીય પક્ષો સાથે ગઠબંધનને પરિણામો ભાજપે ૧૯૮૯માં ૮૯ બેઠકો પર જીત મેળવી અને ૧૯૯૧માં અયોધ્યા મુદ્દાના પરિણામે ૧૧૯ બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો.૧૯૯૬માં ભાજપ સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે ઉભરી અને તત્કાલિન રાષ્ટ્રપતિ શંકર દયાળ શર્માએ અટલ બિહારી વાજપેયીને સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું. જો કે આ સરકાર બહુમતી સાબિત ન કરી શકતા ૧૩ દિવસ જ ચાલી હતી. ત્યાર બાદ ૧૯૯૮માં ભાજપ ૧૩ માસ માટે ગઠબંધનથી સત્તામાં આવી. પરંતુ જયલલિતા દ્વારા ટેકો પાછો ખેંચાતા, ગૃહમાં મતદાન વખતે એક વોટથી વાજપેયી સરકાર બહુમત હારી ગઈ.૧૯૯૯માં એનડીએ ગઠબંધન હેઠળ ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી અને અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ નીચે પાંચ વર્ષ શાસન ટકાવી રાખવામાં સફળતા મેળવી. અટલ બિહારી વાજપેયીની પહેલી બિનકોંગ્રેસી સરકાર હતી કે જેણે કેન્દ્રમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. જો કે એનડીએના કોમન મિનિમમ પ્રોગ્રામમાં રામમંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ની નાબૂદી અને સમાન નાગરીક ધારા જેવાં ત્રણ તેની વૈચારિક ધરાતલ સાથે સંકળાયેલા મુદ્દાને બહાર રાખ્યા.જેના કારણે વીએચપી અને આરએસએસમાં અંદરખાને નારાજગી પ્રવર્તી રહી હતી. જો કે લોકોને પણ ભાજપ દ્વારા કરવામાં આવેલું રાજકીય સમાધાન ગમ્યુ ન હતું. તેનો જવાબ જનતાએ ૨૦૦૪ની ચૂંટણીમાં આપ્યો. ૨૦૦૪માં ભાજપ હિંદુત્વ અને રાષ્ટ્રવાદના મુદ્દા સિવાય ફીલ ગુડ સાથે ઈન્ડિયા શાઈનિંગ કેમ્પેઈન હેઠળ અટલ બિહારી વાજપેયી અને વિકાસના મુદ્દા સાથે ચૂંટણી મેદાનમાં ઉતરી. પરંતુ જનતાએ ૨૦૦૪માં એનડીએને બહુમતી આપી નહીં. ત્યાર બાદ ૨૦૦૯માં પણ એનડીએ હેઠળ ભાજપને સત્તા મળી નહીં.જેના પરિણામો ભાજપમાં બેક ટુ ધ બેસિક્સની ચર્ચા ફરીથી શરૂ થઈ. પરંતુ લોકોમાં પાર્ટી વિથ ધ ડિફરન્સ પરથી વિશ્વાસ તદ્દન હટી ગયો હોય તેવી ઘટનાઓ એક પછી એક બનવા લાગી. લોકોએ ભ્રષ્ટાચાર વિરોધી અને કાળા ધનના મુદ્દે અણ્ણા હજારે અને બાબા રામદેવ સાથે શરૂઆતમાં ઉભા રહેવાનું પસંદ કર્યું પણ ભાજપને ટેકો આપ્યો નહીં. તો મોંઘવારી જેવા મુદ્દાને પણ ભાજપ સારી રીતે ઉઠાવી શક્યું નહીં. મુંબઈ પરના આતંકવાદી હુમલા બાદની અડવાણીની ભારત સુરક્ષા યાત્રા પણ નિષ્ફળ ગઈ.૨૦૧૪ની સામાન્ય

ચૂંટણીઓમાં 'એનડીએ'ને ગુજરાતમાં લાંબા સમય સુધી રહેલા મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જીત મળી અને ૨૦૧૪માં સરકાર બનાવી.અટલ બિહારી વાજપેયીની પહેલી બિનકોંગ્રેસી સરકાર હતી કે જેણે કેન્દ્રમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. જોકે જનતાએ ૨૦૦૪માં એનડીએને બહુમતી આપી નહીં. ત્યાર બાદ ૨૦૦૯માં પણ એનડીએ હેઠળ ભાજપને સત્તા મળી નહીં. જોકે, ૨૦૧૪નું વર્ષ ભાજપ માટે શુકનીયાળ સાબિત થયુ. વિકાસનો એજન્ડા અને વિકાસ પુરુષ તરીકે નરેન્દ્ર મોદીના ફોટોફેસ પર લોકસભાની ચૂંટણી લડવામાં આવી. જેમાં ભાજપ પૂર્ણ બહુમતી સાથે સત્તા પર આવી ગયું છે. કેન્દ્રમાં એનડીએની પૂર્ણ બહુમત વાળી સરકાર રચાયા બાદ જાણે ભાજપનું નસીબ ખુલી ગયુ હોય તેમ, મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડમાં સત્તા પર સવાર થયા. તો વળી, જમ્મુ કાશ્મીરમાં પણ પીડીપીને ટેકો આપ્યો છે.૧૯૯૫માં આંધ્ર પ્રદેશ, કર્ણાટક, બિહાર, ઓરિસ્સા, ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામો વધારે નોંધપાત્ર હતા. આંધ્ર પ્રદેશમાં ટીડીપી અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય લડાઈમાં ભાજપને માત્ર ૩ બેઠક મળી હતી. પરંતુ કર્ણાટકમાં ભાજપને ૪૦ બેઠકો મળી હતી જેથી કોંગ્રેસ ત્રીજા સ્થાને જતી રહી હતી. ગોવામાં ભાજપને ૬૦ બેઠકોના ગૃહમાં પ્રથમ વખત ૪ બેઠકો મળી હતી. ઓરિસ્સામાં ભાજપે તેની શક્તિ ૩ બેઠકથી ત્રણ ગણી વધારીને ૧૦ બેઠક કરી. બિહારમાં ભાજપે કોંગ્રેસને ત્રીજા સ્થાને ધકેલી અને સત્તાવાર વિપક્ષ તરીકે ઉપસી આવ્યો. મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપે ગઠબંધન સરકારની રચના કરી છે. ગુજરાતમાં ભાજપને બે તૃતિયાંશ બહુમતી મળી છે. આ પ્રકારના ટ્રેન્ડના કારણે ભાજપના વિરોધીઓ પણ એ સ્વીકારતા થયા છે કે ભાજપને અટકાવી શકાય તેમ નથી.સામાન્ય માન્યતા એવી છે કે ૧૯૮૯માં જનતા દળ સાથે બેઠકોની વહેંચણીના કારણે ભાજપને ૮૯ બેઠકો મળી હતી અને ૧૯૯૧માં અયોધ્યા મુદ્દાના કારણે ૧૧૯ બેઠકો મળી હતી. વાસ્તવમાં આ માત્ર પૂરક પરિબળો હતા. તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપના ઐતિહાસિક દેખાવ કર્યો છે જ્યારે કોઈ અન્ય પક્ષ સાથે બેઠકોની વહેંચણી કરવામાં આવી ન હતી અને અયોધ્યા મુદ્દો પણ ઠરી ગયો હતો. તે દર્શાવે છે કે ભાજપ ઉત્કૃષ્ટ સંગઠન, અસરકારક નેતૃત્વ અને દેશપ્રેમી જનલક્ષી નીતિના કારણે આગળ વધી રહ્યો છે.૧૯૯૧માં જ્યારે કોંગ્રેસે બહુમતી ન હોવા છતાં સરકાર રચી ત્યારે ભાજપે એકદમ જવાબદારીપૂર્વક કામ કર્યું હતું અને તેને તેની પસંદગીના સ્પીકર રાખવામાં મદદ કરી હતી અને લોકસભામાં ઉપાધ્યક્ષપદથી સંતોષ માન્યો હતો. લાઈસન્સ-પરમિટ ક્વોટા રાજનો ભાજપે વિરોધ કર્યો હોવાથી તેણે ઉદારીકરણને સૈદ્ધાંતિક ટેકો આપ્યો હતો. લાંબા સમય પછી ભારતે ઈઝરાયલ અને દક્ષિણ આફ્રિકાને માન્યતા આપી હતી જેની ભાજપ લાંબા સમયથી હિમાયત કરતો હતો. ભાજપે અનામત અંગે પણ દુરંદેશીભર્યું વલણ અપનાવ્યું હતું અને ઓબીસીને આર્થિક માપદંડના આધારે અનામત આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે પણ તેના ચુકાદામાં ક્રિમી લેયરને માન્યતા આપી હતી.ભાજપની રાજ્ય સરકારોએ નવી શિક્ષણ નીતિ અપનાવી છે. તેમાં પરીક્ષામાં નકલ કરવાનો કોગ્નિઝેબલ અપરાધ ગણવામાં આવ્યો છે. તેમણે વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ કર્યું છે. અંત્યોદય દ્વારા સૌથી ગરીબ લોકોની કાળજી લેવામાં આવે છે. તેમણે ગરીબ ખેડૂતોની લોન માફ કરી છે અને ગુનાઈત તત્વો સામે આકરા પગલાં લઈ તેમને જેલમાં ધકેલ્યા છે.

# ગાંધીજીએ મીઠાનો કાયદો તોડ્યો

૧૨ માર્ચ ૧૯૩૦ના દિવસે ગાંધીજીએ અમદાવાદથી દાંડીકૂચની શરૂઆત કરી હતી. સવારે સાડા છ વાગ્યે ૭૮ સત્યાગ્રહીઓ સાથે ગાંધીજીએ મીઠાના કાયદાને તોડવા માટે દાંડી તરફ કૂચનો આરંભ કર્યો હતો.ગાંધીજી સાથે આ માર્ચમાં સૌથી યુવાન વયે જોડાનારા ગુજરાતના જાણીતા કવિ અને પત્રકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો વર્ષ ૧૯૫૫માં ઈન્ટર્વ્યૂ કર્યો હતો.તેમણે ગાંધીજી સાથે જોડાયેલી ઘણી વાતો અને સંસ્મરણો વાગોળ્યા હતા.કૃષ્ણલાલે આપેલા ઈન્ટર્વ્યૂમાં દાંડીયાત્રા બાદ કઈ રીતે ગાંધીજીએ મીઠાનો કાયદો તોડ્યો એ વિશે નજરોનજરનો અહેવાલ કહ્યો હતો.તેઓના જણાવ્યા પ્રમાણે વહેલી સવારનો સમય હતો. દાંડીમાં ખૂબ જ સરસ દરિયા કિનારો છે.તેઓ પાણીમાં પણ ગયા નહોતા. દરિયાનું પાણી કિનારે આવીને પાછું જાય, ત્યારે હંમેશા થોડું મીઠું રહી જાય છે.

તેઓએ આ ઐતિહાસિક ક્ષણને આ રીતે વર્ણવી હતી,તેમણે તેમાંથી ચપટી મીઠું ઉપાડ્યું અને તેમની બાજુમાં ઊભેલા વ્યક્તિને આપ્યું. એમનું નામ અત્યારે મને યાદ નથી.આ રીતે તેમણે મીઠાના કાયદાનો ભંગ કર્યો. તેમના મુજબ ત્યારબાદ ફોટોગ્રાફર્સે ફોટા પાડ્યા. જે પછી પ્રાર્થના થઈ હતી. આ પછી તેઓ બધા તેમના રોજિંદા કામ પર પાછા ફર્યા હતા.તેઓ કહે છે સાચું કહું તો મોટા પ્રમાણમાં મીઠું એકઠું કરવાનો અમારો ઈરાદો પણ નહોતો, એ ગમે ત્યાં થઈ શક્યું હોત.પરંતુ આખો દેશ આ કાયદો તોડવા માટે ગાંધીજીના ઈશારાની રાહ જોઈ રહ્યો હતો. બપોરે અમને સમાચાર મળ્યા કે દેશભરમાં લોકો મીઠાના કાયદાનો ભંગ કરી રહ્યા છે.દાંડીમાર્ચના સત્યાગ્રહીઓએ ૧૨મી માર્ચની પહેલી સાંજ અસલાલીમાં ગાળી હતી. ત્રીજા દિવસે ગાંધીજીની સાથે બીજા બે સત્યાગ્રહીઓ પણ જોડાયા હતા. કુલ સંખ્યા ગાંધીજી સહિત ૮૧ સત્યાગ્રહીઓ સુધી પહોંચી હતી.નવાગામ, માતર, નડિયાદ અને આણંદના રસ્તે આ સંઘ પાંચ એપ્રિલે નવસારી થઈને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના ગામ દાંડી પહોંચ્યો હતો.છઠ્ઠી એપ્રિલે સવારે સાડા છ વાગ્યે મહાત્મા ગાંધીએ દાંડીના દરિયાકાંઠે મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો.દાંડીયાત્રા સાથે અમદાવાદનો દાંડીપુલ જોડાયેલો છે. સાબરમતી આશ્રમની નજીક આવેલા આ પુલ પરથી થઈને જ ગાંધીજી સત્યાગ્રહીઓ સાથે દાંડી પહોંચ્યા હતા.જોકે, આ પુલ તંત્રની ઉપેક્ષાનો ભોગ બની રહ્યો હોય એવી ફરિયાદ ઉઠી રહી છે. ગાંધી આશ્રમના સંચાલક અમૃત મોદી જણાવે છે,હાલમાં પુલને પ્રસંગોપાત ખોલવામાં આવે છે પણ લોકો તેનું મહત્વ સમજતાં નથી.પુલ જ્યારે ખુલ્લો રાખવામાં આવતો ત્યારે લોકો તેના પર કપડાં સુકવતા. રાતે શૌચક્રિયા કરી જતાં.એમના માટે આ પુલ એક સામાન્ય પુલ જ હતો. પુલનું ઐતિહાસિક મહત્વ એવા માટે છે કે ઐતિહાસિક દાંડી યાત્રા અહીંથી જ પસાર થઈ હતી. આવનારી પેઢીને એ બતાવવા માટે પણ તેનું સંરક્ષણ જરૂરી છે.સાબરમતી આશ્રમમાં રહેતા ધીમંત બઢીયા કહેવું છે, શહેરના લોકો ભાગ્યે જ દાંડીપુલનું મહત્ત્વ સમજે છે. ૧૨મી માર્ચ ૨૦૧૮ના રોજ પણ દાંડીપુલ પર માત્ર ૧૫ લોકો જ આવ્યાં હતાં.આઝાદીનીગાંધીના જીવન ચરીત્ર અને આઝાદીની લડતને પણ રાજકીય રંગ આપી દેવાયો છે. ગાંધીજીના જીવન ચરીત્રને યાદગાર બનાવવા અને આઝાદીની ચળવરને તાજી રાખવા માટે બનાવેલા સ્મારકોની જે અવદશા થઈ છે. તેવી દાંડીયાત્રાના સ્મારકોની થઈ છે. આઝાદીની લડત સાથે ગાંધીજીના સ્મરણો તાજા રાખવાનાં માધ્યમથી સરકાર દ્વારા દાંડીયાત્રામાં આવતા ગામોમાં ગાંધી સ્મારક બનાવતા ઓલપાડ તાલુકા ઉમરાછી અને દેલાડ બે ગામોમાં ગાંધી સ્મારકો બનાવવામાં આવ્યા છે. તેમાં ગાંધીજીના જીવન ચરીત્ર અને આઝાદીની લડત પર લખાયેલા પૂસ્તકોનો સંગ્રહ કરવા લાયબ્રેરી બનાવવામાં આવી છે. છેલ્લા દશ વર્ષ અગાઉ બનાવવામાં આવેલ ગાંધી સ્મારકોમા કામગીરી પૂર્ણ કરવામા નથી આવી. ત્યારે અધુરી કામગીરીને લઈને ગાંધીજી અને આઝાદીનાં સ્મરણો માટે બનાવવામાં આવલા સ્મારકએ હાલ સરકારની કામગીરીની બેદરકારી પ્રતિત થાય છે. ઉમરાછી અને દેલાડના ગાંધી સ્મારકોમાં લાયબ્રેરીના ફર્નિચર છે પણ પૂસ્તકો નથી ગાંધીજીની પ્રતિમા માટે બનાવેલો સ્થંભ બાપુની પ્રતિમાની રાહ જોઈ રહ્યો છે. સ્મારકોમાં લગાડવામાં આવેલા વીજ મિટરોના બિલ ભરાતા વીજ કનેક્શન કાપી નંખાયા છે. પાણીની પરબો પરથી નળ ચોરી થય ગયા છે.આમ અધુરી કામગીરી અને સરકારની લાપરવાહીને લઈને ગાંધી સ્મારકની અવદશા થઈ છે. ત્યારે તંત્ર આવા ઐતિહાસિક ધરોહર સમા સ્મારકોની જાળવણી કરે તો ગાંધીજીને સાચી શ્રધ્ધાંજલી આપી ગણાશે.અંગ્રેજો દ્વારા મીઠું બનાવવા પર લગાવેલા પ્રતિબંધ તથા મીઠા પર લગાવેલા કરના કાયદાનો વિરોધ દર્શાવવા માટે મહાત્મા ગાંધીએ વર્ષ ૧૯૩૦માં ૧૨મી માર્ચના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પગપાળા કુચ શરૂ કરી હતી.

દાંડી યાત્રાનો આ સત્યાગ્રહ સવિનય કાનૂનભંગનો એક ભાગ હતો. દાંડી કુચને અનુલક્ષીને દેશમાં ઠેર ઠેર સવિનય કાનૂન ભંગની ચળવળ શરૂ થઈ હતી. જાતે મીઠું પકવીને અને તે મીઠું વેચીને કરોડો લોકોએ સવિનય કાનૂનભંગની શરૂઆત કરી હતી. તેના પ્રતિઘાત રૂપે અંગ્રેજ સરકારે તે મહિનાના અંત સુધીમાં ૬૦ હજાર લોકોની અટકાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે, પોતાની દાંડી યાત્રા શરૂ કરવાના આગલા દિવસ એટલે કે ૧૧મી માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ સાંજની પ્રાર્થના પૂરી થયા પછી સાબરમતી નદીની રેતમાં ઉપસ્થિત ૧૦ હજારથી વધુ સમર્થકોને એક ઐતિહાસિક સંબોધન કર્યું હતું.મહાત્મા ગાંધીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે,એવી શક્યતાને નકારી ન શકાય કે આ કદાચ મારું છેલ્લું સંબોધન હોય. જો સરકાર મને કાલે સવારે માર્ચ કરવા દેશે તો પણ સાબરમતી નદીના કિનારે આ મારું છેલ્લું સંબોધન હશે. કદાચ અહીં મારા જીવનના આ છેલ્લા શબ્દો હોય. મેં તમને જે કંઈ કહેવાનું હતું તે ગઈકાલે કહી દીધું છે. આજે હું તમને એ જણાવીશ કે મારા અને મારા સાથીઓની ધરપકડ પછી તમારે શું કરવાનું છે. જલાલપુર સુધીની યાત્રા તેના નિયત કાર્યક્રમ મુજબ અનુસરવું. સ્વયંસેવકો માત્ર ગુજરાતના જ હોવા જોઈએ. મારું એવું દ્રઢપણે માનવું છે કે નાગરિકો દ્વારા વિરોધ સતત ચાલુ રહેવો જોઈએ અને તેમાં હિંસાને કોઈ સ્થાન નથી.

દાંડી કૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડ થવાની અટકળો ચાલી રહી હતી તેને ધ્યાને લઈને મહાત્માએ કહ્યું હતું કે, આપણામાંથી તમામની પણ ધરપકડ કરવામાં આવે તેમ છતાંય આપણે સૌએ શાંતિ જાળવી રાખવાની છે. આપણા સઘળા સ્ત્રોતો અહિંસાના માર્ગની લડતમાં લગાવી દીધા છે. કોઈએ પણ બિનજરૂરી ગુસ્સો દર્શાવવાની જરૂર નથી. આ મારી આપ સૌ પાસેથી અપેક્ષા અને પ્રાર્થના છે.

# સલમાનને સજા થતા બાગી-૨ની સક્સેસ પાર્ટી રદ થઈ

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૬

બોલિવુડના સુલતાન સલમાન ખાનને કાળા હરણના શિકારના કેસમાં પાંચ વર્ષની સજા કરવામાં આવતા બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. સલમાન ખાનને સજા કરવામાં આવતા બાગી-૨ ફિલ્મની સક્સેસ પાર્ટી રદ કરી દેવામાં આવી હતી. ટાઈગર શ્રોફ અને દિશા પાટનીની બાગી-૨ ફિલ્મને મોટી સફળતા મળ્યા બાદ ભવ્ય પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે સલમાનને સજા કરવામાં આવતા પાર્ટી હવે રદ કરવામાં આવી છે. નિર્માતા સાજિદ નડિયાદવાળા સલમાન ખાનના નજીકના મિત્ર હોવાના કારણે તેઓ પણતરત જોધપુર પહોંચી ગયા છે. બાગી-૨ ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાની ક્લબમાં સામેલ થઈ ચુકી છે. હજુ સુધી તેની કમાણી ૧૦૪ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. ભારે સનસનાટીપૂર્ણ અને ચર્ચા જગાવી ચુકેલા વર્ષ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં જોધપુરની કોર્ટે ગઈકાલે ગુરૂવારના દિવસે તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે આ કેસમાં બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને દોષિત જાહેર કર્યો હતો અને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત તેના ઉપર ૧૦૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો.

સજાની અવધિ ત્રણ વર્ષથી વધુ હોવાથી સલમાનને માત્ર સેશન કોર્ટ પાસેથી જ જામીન મળી શકે છે અને સેશન કોર્ટમાં સલમાનના જામીન ઉપર આજે સુનાવણી થઈ રહી છે. પાર્ટી મોડેથી યોજવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/ 991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :- 079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/ 48123

# વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા ગુજરાતના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગ અને બિઝનેસ મેનેજમેન્ટ પસંદગીના ટોચના બે કોર્સ – પીટીઈ એકેડેમીક

પીટીઈ એકેડેમિક (પીટીઈ-એ) માટે તાજેતરમાં પિયર્સન દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ મૂજબ ઈમિગ્રેશન અને વિદેશમાં અભ્યાસ માટે કોમ્પ્યુટર આધારિત ઈંગ્લિશ પ્રોફિશિયન્સીમાં એન્જિનિયરિંગ અને બિઝનેસ મેનેજમેન્ટ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પસંદગીના ટોચના બે કોર્સ તરીકે ઉભરી આવ્યાં છે. પીટીઈ-એ ટેસ્ટ લેનારાના અભ્યાસમાં જણાયું છે કે ગુજરાતમાંથી ૯૦ ટકા અરજદારો છેલ્લાં એક વર્ષમાં ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાને સૌથી વધુ પ્રાથમિકતા આપે છે. આ ઉપરાંત ૭૧ ટકા વિદ્યાર્થીઓ પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ માટે અને માત્ર ૧૪ ટકા અન્ડરગ્રેજ્યુએટ કોર્સ અરજી કરે છે.

વિદ્યાર્થીઓમાં હેલ્થકેર અને લાઈફ સાયન્સિસ જેવા વિષયોનું આકર્ષણ વધ્યું છે, પરંતુ હજીપણ મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના માસ્ટર્સ માટે પરંપરાગત કોર્સને પસંદ કરે છે. સ્પેશિયલાઈઝેશનની વાત કરીએ તો વિદેશમાં જતાં ૨૮.૫ ટકા વિદ્યાર્થીઓ માસ્ટર ઈન એન્જિનિયરિંગ, બિઝનેસ મેનેજમેન્ટ (૨૩.૬ ટકા) અને એકાઉન્ટિંગ અને ફાયનાન્સ (૧૧ ટકા)ને પસંદ કરે છે.

વૈશ્વિક સ્તરે યુએસએ, યુકે, કેનેડા, સિંગાપોર, આયર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝિલેન્ડમાં હજારો એકેડેમિક પ્રોગ્રામ્સ દ્વારા પીટીઈ એકેડેમિકને સ્વિકારવામાં આવ્યાં છે. આ ઉપરાંત પીટીઈ એકેડેમિક સ્કોર ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝિલેન્ડમાં માઈગ્રેટ થવાની અરજી માટે પણ સ્વિકારાય છે. તાજેતરમાં માઈગ્રેશન સ્કિલ્સ અસેસમેન્ટ હેતુ માટે એન્જિનિયર્સ ઓસ્ટ્રેલિયા દ્વારા પણ

# અહમદ ખાનનો પુત્ર સરપ્રાઈઝ આપે છે: અહમદ ખાનની આંખોમાંથી ખુશીનાં આંસુ સરી પડ્યાં



આપણા વ્યસ્ત જીવનમાં આપણે હંમેશાં અત્યંત મહત્ત્વપૂર્ણ છતાં સૌથી સરળ બાબત કરવાનું ભૂલી જતા હોઈએ છીએ. તે છે લોકોના પ્રયાસોને પહોંચ આપવાનું અને તે બે વિશેષ શબ્દો થેંક્ યુ. આથી હાઈ ફીવરની ટીમ અને જજો વિશેષ થીમ- ધ થેંક્ યુ! સ્પેશિયલ સાથે આ લાગણીઓની ઉજવણી કરવા માટે એકત્ર આવ્યાં હતાં. શોની જજ અને અભિનેત્રી લારા દત્તાએ સર્વ બેકસ્ટેજ ક્રુ, હેલ્પરો અને ટેકનિશિયનોનો આભાર માનીને શરૂઆત કરી, જેમના વિના આ શો શક્ય નહોતો. દર્શકો અને જજોની અજોડ જોડીઓ લાવવાની શોની પરંપરાનું સન્માન કરતાં ટીમે જજ અહમદ ખાનને સરપ્રાઈઝ આપવા માટે અત્યંત ખાસ જોડીને આમંત્રણ આપ્યું હતું. સેટ પર આ યુવા મહેમાન જોડી બીજું કોઈ નહીં પણ ડાન્સર, કોરિયોગ્રાફર, અભિનેતા અને શોના જજ અહમદ ખાનના બે વહાલા પુત્રો હતા. આઝાન (૧૬ વર્ષ) અને શુભાન (૧૧ વર્ષ) તેમના સ્ટ્રોંગ મેન તેમના અબ્બાનો આભાર માનવા માટે આવ્યા હતા.

એવી સાથે બંને બાળકોએ તેમના અબ્બા માટટે સુંદર સ્મૃતિઓ વાગોળી હતી અને તેમનો પ્રેમ અને સન્માન આપ્યા હતા. સામાન્ય રીતે અત્યંત બોલકણો અહમદ ખાન પોતાના પુત્રો પાસેથી સંદેશ સાંભળીને આ સમયે ભાવનાત્મક બની ગયો હતો. લારા દત્તા અને મહેમાન જજ ગીતા કપૂર દ્વારા છોકરાઓને કશુંક બોલવા માટે પ્રોત્સાહન આપ્યા પછી અહમદ ખાને તાત્કાલિક તેના વિચારો સંભળાવ્યા હતા, એલઈડી સ્ક્રીન ઉઠાવી હતી અને સરપ્રાઈઝ આપ્યું હતું!!! બંને છોકરાઓએ સ્મિત અને ભરપૂર પ્રેમ સાથે એન્ટ્રીને વધુ મજેદાર બનાવી હતી. ભાવનાઓ વચ્ચે સપડાયેલો અહમદ સીધો જ તેના બાળકો પાસે દોડી ગયો હતો. પહેલી વાક ખાન ભાઈઓ તેમના પિતા સાથે મંત પર એકત્ર આવ્યા હતા અને આ વિશેષ અવસરને યાદગાર બનાવ્યો હતો, જ્યારે અન્ય જજોએ તેમને ડાન્સ કરવા માટે વિનંતી કરી હતી. લારા, ગીતા અને ડેનાને આશ્ચર્ય એ વાતનું થયું કે સુભાન આટલા પ્રતિભાશાળી કોરિયોગ્રાફર ડાયરેક્ટરનો પુત્ર હોવા છતાં નાચી શક્યો નહોતો. અત્યંત ગૌરવશાળી પિતા અહમદ ખાને કહ્યું કે સામાન્ય રીતે ઉછેરની આ અસર છે. તેણે પોતે અને પત્નીએ તેમના બાળકોને હંમેશાં લાઈટથી કઈ રીતે દૂર રાખ્યા અને સામાન્ય બાળપણ જીવવા દીધું તે વિશે માહિતી આપી. તેઓ માને છે કે આ રીતે ઉછેરથી બાળકો સારી રીતે મોટા થશે અને તેમના મન અનુસાર કરી શકશે.

આ વિશે કેવી લાગણી થાય છે એવું પુછાતાં અહમદ ખાન કહે છે, આ આંચકો આપ્યો તે બદલ હાઈ ફીવરનો હું બહુ આભારી છું (હસે છે). મને એવી આશા હતી કે મારા અમુક જૂના આસિસ્ટન્ટ આજે મારે માટે કશુંક સારું બોલ્યા હોત, પરંતુ આઝાન અને શુભાન અહીં આવવાનો છે તેની બિલકુલ કલ્પના નહોતી અને હું ફરી ફરી મારી પાછળ જોઉં છું કે ક્યાંક પાછળથી શાયરા (તેની પત્ની) પણ નથી આવીને (હસે છે). મારો પરિવાર એકદમ સીધોસાદો છે અને મારી પત્ની મારો આધાર છે. બંને બાળકો અને શાયરા ઘેર મારું બહુ ધ્યાન રાખે છે. આ વિશેષ અવસર આપવા માટે ભગવાન અને હાઈ ફીવરનો ફરી એક વાર આભારી છું અને તે આજીવન યાદ રહેશે.

હાઈ ફીવર બધી સુંદર જોડીઓને સલામ કરે છે અને પ્રેમ આપવા માટે દર્શકોનો પણ આભાર માને છે.

વધુ જાણકારી માટે જોતા રહો હાઈ ફીવર૫ ડાન્સ કા નયા તેવર, દર શનિવાર- રવિવારે રાત્રે ૯.૩૦, ફક્ત &TV પર!

# ટૂલકીટ પર આક્રમણ કરનારાઓમાં સૌથી ટોચ પર ક્રિપ્ટોજેકિંગ સ્કાયરોકેટ્સ છે, જેના લીધે સાયબર અને વ્યક્તિ ગત સલામતિ માટે મોટા ખતરાના સિગ્નલ છે

ભારત- એપ્રિલ ૪, ૨૦૧૮- સાયબર ક્રિમિનલ્સ તેના શસ્ત્રોમાં ઝડપથી ક્રિપ્ટોજેકિંગનો ઉમેરો કરી રહ્યા છે અને તેનાથી નવી આવકનો સ્ત્રોતમાં નફાકારક્તાનો ઉમેરો કરી રહ્યા છે, આ એક રેન્ડસમવેરથી બજારમાં ફૂગાવો વધી રહ્યો છે અને બજારમાં ભીડ વધી રહી છે, સિમેન્ટેક (નાસ્ડેક : એસવાયએમસી)ના ઈન્ટરનેટ સિક્યુરિટી થ્રેટ રિપોર્ટ (આઈએસટીઆર), વોલ્યુમ ૨૩, આજે જાહેર થયો છે.

“ક્રિપ્ટોજેકિંગ એ સાયબર અને વ્યક્તિગત સલામતીમાં મુશ્કેલી વધારી રહ્યુ છે.” એમ તરુણ કૌરા, ડિરેક્ટર, એન્ટરપ્રાઈઝ સિક્યુરિટી પ્રોડક્ટ મેનેજમેન્ટ, એશિયા પેસિફિક અને જાપાન સિમેન્ટેક જણાવે છે. “અત્યંત ઉંચા નફાની લાલચમાં લોકો, ડિવાઈઝ અને સંસ્થાને જોખમમાં નાખે છે અને તેની સિસ્ટમમાં આપવામાં આવેલા રિસોર્સમાં ઉમેરે છે અને આગળ જતા ગુનાખોરીને મદદ કરે છે આમાં ઘરેલુ પીસીથી લઈને મોટા ડેટા સેન્ટરનો સમાવેશ થાય છે.”

સિમેન્ટેક આઈએસટીઆર દ્વારા થ્રેટ લેન્ડસ્કેપનો સંપૂર્ણ દેખાવ પૂરો પાડવામાં આવે છે, જેમાં વૈશ્વિક થ્રેટ એક્ટિવિટી, સાયબર ક્રિમિનલ ટ્રેન્ડ્સ અને આક્રમણ કરનારના હેતુનો સમાવેશ કરવામાં આવે છે. આ રિપોર્ટ માટેના ડેટા સિમેન્ટેક ગ્લોબલ ઈન્ટેલિજન્સ નેટવર્ક પરથી મેળવવામાં આવે છે, જે સમગ્ર વિશ્વનું સૌથી મોટુ સિવિલિયન થ્રેટ કલેક્શન નેટવર્ક છે, જેમાં સમગ્ર વિશ્વમાંથી ૧૨૬.૫ મિલિયન આક્રમણ કરનારાઓનો રેકોર્ડ છે અને તેમાં ૧૫૭ દેશ અને ટેરિટરીની થ્રેટની પ્રવૃતિનું મોનિટરીંગ થાય છે.

# કીથ સિકવેરા ઉડાનમાં પ્રવેશ કરવા સુસજજ છે!

કલર્સનો લાંબા સમયથી ચાલી રહેલ, લોકપ્રિય શો ઉડાનના, આવી રહેલ એપિસોડસમાં એક રસપ્રદ પ્રવેશ જોવા મળશે. આકર્ષક અને અત્યંત સોહામણા અભિનેતા, કીથ સિકવેરા, ટૂંક સમયમાં જ શોમાં નાયક, કરણ ઓબેરોય, એક વ્યવસાયી તરીકે પ્રવેશ કરશે.

નિર્માતાઓ આગળ ચાલી રહેલ ટ્રેક દર્શકોને જકડી રાખે તેની ચોકસાઈ માટેનો કોઈ પણ પ્રયાસ જતો કરવા માંગતા નથી અને કીથના પ્રવેશ સાથે તેઓ સકારાત્મક છે કે આગળની કહાણી ખૂબ જ માણવા લાયક હશે.

પોતાના પ્રવેશ બાબતે આતુર



કીથ, જણાવે છે “શોમાં પ્રવેશ બાબતે હું ખાસ્સો ઉત્તેજીત છું. ઉડાનને ભારે વ્યૂઅરશિપ છે અને આગળની સ્ટોરીલાઈનમાં પુષ્કળ વળાંકો અને ઘુમાવો છે જે ખૂબ જ કુતુહલપૂર્ણ છે. મારી ભૂમિકાની વાત કરીએ, તો દર્શકો મારું પાત્ર છતું થાય તેની રાહ જુએ તે મને ગમશે આથી ઉત્તેજના અને આતુરતા જળવાઈ રહે.”

આ ડેવલપમેન્ટ સાથે, પુષ્કળ ડ્રામાની ધારણા કરી શકાય છે. આથી ચાલો રાહ જોઈએ અને જોઈએ કે કેવી રીતે કરણ ઓબેરોયનું પાત્ર આગળની કહાણીમાં સામે આવે છે.

ઉડાન પર વધુ જાણવા માટે દર સોમવારથી શુક્રવાર સાંજે ૮.૩૦ કલાકે જોડાયેલા રહો, ફક્ત કલર્સ પર

# શ્વાસોશ્વાસની ક્રિયા અને ફેફસાં વિષે જાણવા જેવું

આપણી આજુબાજુની હવામાં ૨૦ટકા ઓક્સીજન (પાંચમો ભાગ) છે, એ તમે જાણતા હશો. આપણા ફેફસામાં આ હવાના ઓક્સીજનને ગ્રહણ કરનારા ૩ કરોડ જેટલા ફુગ્ગા જેવા આકારના ‘‘એલવેલાઈ’’ છે એની પણ કદાચ ખબર હશે. પણ તમારા જન્મથી મૃત્યુ સુધી શ્વાસોશ્વાસની મદદથી તમને જીવતા રાખનારા ફેફસા વિષે તમે કશું જ જાણતા નથી એમ કહું તો એ અતિશયોક્તિ નથી. શ્વાસ લો છો એ તમને ખબર છે પણ આ ક્રિયા કેવી રીતે થાય છે, ફેફસાં કેવી રીતે મદદ કરે છે, ફેફસાની કાર્યક્ષમતા આજીવન અકબંધ રાખવા શું કરવું જોઈએ તેની અને ફેફસાના રોગોની વાત આજે કરીશું.

ફેફસાનું કાર્ય

શ્વાસ લેવાની અને કાઢવાની ક્રિયા ખૂબ અગત્યની છે. કારણ શરીરના દરેક અંગોના અગણિત કોષોને જીવતા રાખવા, તેમાં પ્રાણ ભરવા ઓક્સીજનની જરૂર પડે છે માટે તો ઓક્સીજનને પ્રાણવાયુ કહે છે. જ્યારે તમે ચોખ્ખી હવા મોઢા અને નાકથી લો છો ત્યારે તે શ્વાસનળી (જેને ‘ટ્રેકીઆ’ કહે છે)માં થઈ ડાબા અને જમણાં ફેફસાની બે નાની નળીઓ (જેને ‘બ્રોંકાઈ’ કહે છે) તેની મારફતે ડાબા અને જમણા ફેફસામાં જાય છે. આ જમણી અને ડાબી બાજુની નળીઓમાંથી અસંખ્ય નાની નળીઓ (જેને ‘બ્રોંકીઓલ્સ’ કહે છે)માં થઈને શ્વાસમાં લીધેલી હવા દરેક બ્રોંકીઓલના છેડે આવેલ નાના ફૂગ્ગા જેવા આકારની હવાની કોથળી (એરસેક અથવા એલ્વેલાઈ)માં જાય છે. તમે એક વૃક્ષની કલ્પના કરો જે ઊંધું છે એટલે કે થડ ઉપર છે. ડાળીઓ અને પાંદડાં નીચે છે. હવે યાદ રાખો થડ એટલે મુખ્ય શ્વાસનળી ટ્રેકીઆ. જમણી અને ડાબી બાજુની થડની બે ડાળીઓ એટલે બ્રોંકાઈ અને આ ઝાડની ડાબી અને જમણી બાજુની ડાળીઓની શાખાઓ અને પ્રશાખા એટલે બ્રોંકીઓલ્સ. આ નાની નાની ડાળીઓના છેડે જેમ પાન, ફૂલ કે ફળ હોય તેવી રીતે આ નાની નાની બ્રોંકીઓલના છેડે પહેલાં જણાવ્યું તે હવાની કોથળી (ફૂગ્ગો) એટલે કે ‘એલવેલાઈ’ છે. આ ઝીણી હવાની કોથળી ‘એલવેલાઈ’ની દિવાલ ખૂબ પાતળી હોય છે અને ‘એલવેલાઈ’ની આજુબાજુ અસંખ્ય લોહીની ઝીણી નળીઓ (કેપીલરી) હોય છે. આને લીધે હવામાં લીધેલો ઓક્સીજન ‘એલવેલાઈ’ની પાતળી દિવાલમાંથી લોહીની ઝીણી નળીઓમાં જાય છે અને લોહીની નળીઓમાંથી કાર્બન ડાયોક્સાઈડ ‘એલવેલાઈ’માં આવે છે. આ બધી ક્રિયા ખૂબ ઝડપથી થાય છે. સાદી રીતે સમજાવું તો હવામાં રહેલો ઓક્સીજન ‘એલવેલાઈ’માંથી લોહીની નળીઓમાં જાય છે અને આખા શરીરનું અશુધ્ધ એટલે કે ‘કાર્બન ડાયોકસાઈડ’વાળુ લોહી લોહીની નળીઓમાંથી ‘એલવેલાઈ’ મારફતે જ્યારે તમે ‘ઉચ્છ્વાસ’ એટલે કે શ્વાસ બહાર કાઢો ત્યારે તેમાંનો ‘કાર્બન ડાયોકસાઈડ’ બહાર નીકળી જાય છે. જન્મથી મૃત્યુ સુધી આ શ્વાસોશ્વાસની ક્રિયા મારફત હવામાંનો ‘‘ઓક્સીજન’’ શરીર ગ્રહણ કરે છે અને શરીરનો કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળે છે.

દરરોજ જાણે અજાણે ૨૪ કલાકમાં તંદુરસ્ત વ્યક્તિ ૨૦,૦૦૦ વખત શ્વાસ લે છે એટલે કે એક મિનિટમાં ૧૨થી ૧૫ વખત શ્વાસોશ્વાસની ક્રિયા ચાલે છે. આ ક્રિયામાં નાક, મોં, ગળું, સ્વરપેટી, શ્વાસનળી અને ફેફસાં આટલાં અંગો ભાગ લે છે. તમે શ્વાસમાં લીધેલી હવા પ્રદૂષણવાળી હોય તો તમારી રેસ્પીરેટરી સિસ્ટમ (શ્વસનતંત્ર)ના નાકમાં રહેલી ઝીણા વાળ જેવા ‘સીલીઆ’થી ગળાઈ (ફીલ્ટર) જાય, તેની આજુબાજુ ચીકાશ વીટળાઈ જાય અને છીંક કે ઉધરસ આવે ત્યારે તે કચરો જેમાં બેકટેરીઆ, વાયરસ, ખરાબ વાયુ હોય તે નીકળી જાય. આ ઉપરાંત જો થોડોઘણો ભાગ પેટમાં ગયો હોય તો તે ‘એસીડ’થી નાશ પામે. આ ઉપરાંત ‘સાઈનસ’માં બ્લડવેસલ્સ હોય છે તેમાં બ્લડમાં રહેલા મેક્રોફેજ પણ જંતુઓનો નાશ કરવામાં મદદ કરે. બહારના પ્રદૂષણથી શરીરનું રક્ષણ કરવા આ રીતે ‘રેસ્પીરેટરી સિસ્ટમ’માં પૂરેપૂરી રચના કુદરતે કરી છે. હવે શ્વસનતંત્રના રોગો વિષે જાણીએ.

શ્વસનતંત્રના રોગો

ચાલો પહેલા શ્વસનતંત્રના ભાગની વાત કરીએ. ૧. નાક. ૨. મોઢું. ૩. સાઈનસ ૪. સ્વરપેટી ૫. શ્વાસનળી ૬. એલવેલાઈ ૭. પ્લુરા (ફેફસાની આજુબાજુનું પડ) ૮. એલવેલાઈની આજુબાજુ આવેલી કેપીલરી (ઝીણી રકતવાહિની) અને ૯. જ્ઞાનતંતુ અને ૧૦. શ્વાસોશ્વાસની ક્રિયામાં ભાગ લેનારા સ્નાયુ. સામાન્ય રોગ શરદીથી માંડીને જેનાથી મૃત્યુ થાય તેવા કેન્સર, ન્યુમોનીઆ થાય તેવા બધા ફેફસાના (શ્વસનતંત્રના) રોગો ગણાય. સામાન્ય શરદીથી જગતમાં ગમે તે ઋતુમાં એક અબજ જેટલા લોકો પીડાય છે. ફેફસાના ક્રોનીક (જુના) રોગ જેવા કે દમ, ઓ.પી.ડી. (ઓબ્સ્ટ્રકટીવ) પલ્મોનરી ડીસીઝ (જેમાં ફેફસા બરોબર કામ કરતાં ના હોય)થી જગતની વસ્તીની દર દસ વ્યક્તિઓમાંથી ત્રણ વ્યક્તિ પરેશાન છે. આખી દુનિયામાં ફેફસાના રોગોના દર્દીઓની સંખ્યા ૭ ટકા જેટલી છે.

શ્વસનતંત્રના રોગોના વિભાગ ત્રણ રીતે પાડી શકાય. ૧. કયા ભાગને રોગની અસર છે. દા.ત. શ્વાસનળી ૨. લક્ષણો કઈ જાતના છે ૩. શું કારણ છે. ખાસ કરીને ખોરાકનું ધ્યાન (શ્વાસના રોગો માટે) રાખવું જોઈએ. અને આ ઉપરાંત વાતાવરણના ફેરફારની પણ અસર શ્વાસના રોગો માટે થઈ શકે. આ બન્નેમાં ખોરાક કે હવાના કોઈ તત્ત્વની એલર્જી હોય અને તેને કારણે ફેફસાના રોગો થઈ શકે. દા.ત. ખોરાકમાં મૂળા, મોગરી, ભીંડા, મગની દાળ, મગફળી, પાલખ, દહીં, કેળા, દ્રાક્ષ, દાડમ, ચીકુ, સીતાફળ, વાલ, આઈસક્રીમ વગેરેની એલર્જી હોય ત્યારે શરદી અને બીજા ફેફસાના રોગો થઈ શકે. આ જ રીતે જે હવા શ્વાસમાં તમે લો છો તેમાં રહેલા બેકટેરીઆ, વાયરસ, ફન્ગસ અને એલર્જી કરનારાં તત્ત્વો, ઝેરી વાયુઓ વગેરે શ્વાસ વાટે જાય ત્યારે પણ ફેફસાના રોગો થાય. ઉપરના ૧. એલર્જીને કારણે થનારા ફેફસાના રોગો કહેવાય ૨. બીજા પ્રકારમાં ફેફસાની નળીઓમાં સોજો આવે, અને શ્વાસની તકલીફ થાય જેવા કે દમ એમ્ફેસીમાં, ફાઈબ્રોસીસ. ૩. ત્રીજા પ્રકારમાં વાતાવરણમાં રહેલ ધૂળના કણો ધુમાડાના રજકણો, આરસની ખાણમાંથી નીકળતા આરસની રજ, મીલમાં હવામાં રહેલ રૂના અને ફેક્ટરીમાં કામ કરતા હો ત્યારે પાવડર, દવા, રંગ, ધાતુના રજકણો જે ફેફસામાં જાય અને ફેફસાની નળીઓને બ્લોક કરી દે અથવા સાંકડી કરી દે જેને કારણે શ્વાસ લેવાની તકલીફ પડે. ૪. ચોથા પ્રકારમાં નળીઓમાં ચેપ લાગે. શરદી (કોમનકોલ્ડ), સીન્યુસાઈટીસ (સાઈનસનો સોજો), ટોન્સીલાઈટીસ (ગળામાં રહેલા કાકડાનો સોજો) લેરીન્જાઈટીસ (સ્વરપેટીનો સોજો), ફેરીન્જાઈટીસ (મુખ્ય શ્વાસનળી ટ્રેકીઆનો સોજો) ઓટારાઈટીસ (કાનનો સોજો). ન્યુમોનીઆ, ફેફસાનો (પ્લુરા)નો સોજો, ફેફસામાં પાણી ભરાવું, ટી.બી., ફેફસામાં ગૂમડું, ફેફસામાં છીદ્ર આ બધા રોગ બેકટેરીઆ, ચેપી જંતુ, વાયરસ, ફન્ગસથી થાય. ૫. આ ઉપરાંત ફેફસાનું કેન્સર. ફેફસાનું કેન્સર લોહી મારફતે ખૂબ જલદી ફેલાય અને મોટેભાગે દરદીનું મૃત્યુ થાય છે.

ફેફસાના રોગો ના થાય માટે ‘અગમચેતીના પગલા’ લો.

(એ) નાક, સાઈનસ, કાન અને ગળાને એલર્જી કરનારા, ચેપ લગાડનારા (બેકટેરીઆ- ફન્ગસ- ઝેરીવાયુઓ) તત્ત્વોને શ્વાસ લેતી વખતે શરીરમાં જતા રોકો અને કદાચ ગયા હોય તો તેનો નાશ કરો. શું કરશો ૧. સુગંધ અને વાસ વગરનું વેસેલાઈન રોજ નાકમાં અને કાનમાં દિવસમાં ત્રણવાર લગાડો. આમ કરવાથી બધા જ રોગ ઉત્પન્ન કરનારા મોટાભાગનાં તત્ત્વો નાકમાં અને કાનમાં આગળ વધતા અટકશે. ૨. રોજ ત્રણ વાર ગરમ પાણીની વરાળનો (કશું નાખ્યા વગર) નાસ લો. આને લીધે સાઈનસમાં પહોંચી ગયેલા અને કાન અને નાકને જોડનારી નળી દ્વારા સાઈનસમાં પહોંચેલા ચેપી અને એલર્જી કરનારાં તત્વો નાશ પામશે. ૩. રોજ નાક વાટે અને મોં વાટે, શ્વાસ મારફતે ગળામાં પહોંચેલા અને કાકડા, સ્વરપેટી અને શ્વાસનળીના શરૂઆતના ભાગને ચેપ લગાડનારા જંતુ નાશ પામશે ૪. આ ઉપરાંત જેને વારેવારે શરદી થતી હોય તેવી વ્યક્તિએ રાત્રે સૂતી વખતે હીટીંગ પેડ અથવા ગરમ પાણીની કોથળીથી છાતી ઉપર શેક કરવાથી ફેફસાની નળીઓમાં અને ફૂગ્ગા સુધી પહોંચેલા તત્ત્વો નાશ પામશે. મૂળ વાત છે ચેપી રોગોના જંતુને શ્વસનતંત્રમાં હવા મારફતે દાખલ થતા રોકવાની અને નાશ કરવાની.

(બી) કસરત કરો : તમને ગમતી કસરત ૩૦થી ૪૦ મિનિટ નિયમિત કરો. આને લીધે તમારી રોગપ્રતિકારક શક્તિ વધશે અને નુકસાન કરનારાં તત્વો તમને પરેશાન નહીં કરે.

(સી) પૌષ્ટિક સમતોલ ખોરાક લો : આનાથી અને કસરતથી હૃદય, ફેફસાં મજબૂત રહેશે. હિમોગ્લોબીન ૧૦૦ ટકા રહેશે. ખાસ કરીને લોહી ઓછું ના થાય માટે પૂરતું પ્રોટીન (ગ્લોબીન) અને પૂરતું લોહતત્વ લો, જે ખજુર, અંજીર, બીટ, ગાજર, સફરજન, ટમેટા, કાકડી, પપૈયું વગેરેમાંથી મળે. લોહી ૧૧ ગ્રામથી ઓછું હોય તો લોહી વધારવા માટે આયર્નની ગોળી લો.

(ડી) પ્રદૂષણવાળા વિસ્તારમાં જવાનું થાય ત્યારે મો પર ‘માસ્ક’ બાંધો.

(ઇ) નિષ્ણાત પલ્મોનોલોજીસ્ટ પાસે નિદાન કરાવી દવાની સારવાર કરો.

ડીપ્રેશનની સારવાર કેવી રીતે કરશો ?

૧.ડીપ્રેશનની દર્દીને અથવા તેના સગા-વ્હાલાને ખબર પડે કે તરત નિષ્ણાત ડોક્ટરની સલાહ લઈને યોગ્ય દવા અને સારવાર કરીને ડીપ્રેશનને આગળ વધતું અટકાવો અને કાબૂમાં લેવો આ જ જરૂરી છે મોટે ભાગે ‘મૂડ’ સુધારવાની દવાઓ આપવામાં આવે છે. દર્દીએ એ ખાસ ખ્યાલ રાખવાનો છે કે ફક્ત દવા ઉપર આધાર રાખીને આખી જિંદગી દવા લેવાનો અર્થ નથી કારણ કોઈ પણ દવા ડીપ્રેશનને નાબૂદ કરી શકતી નથી. દર્દીને કે કુટુંબીજનોને થોડો પણ સુધારો લાગે ત્યારે ડોક્ટરની સલાહ લઈ દવાઓ ધીરે ધીરે બંધ કરો અને ‘દવા વગર ડીપ્રેશન’ને કાબૂમાં લાવવા નીચેના પગલા લેશો.

૨. કસરત કરવાથી ડીપ્રેશન પર કાબૂ આવશે

ટેક્સાસ (યુ.એસ.એ.)ના સાયકોલોજીસ્ટ ડો. જેસ્પર સ્મિટે ફક્ત ડિપ્રેશન નહીં પણ ચિંતા અને મુડ અપસેટ જેવી પરિસ્થિતિઓ માટે પ્રયોગો કરી ગમતી કસરત કરવાની સલાહ આપી છે. તેઓ જણાવે છે કે કસરતની કોઈ આડઅસર નથી દવાઓનું પરિણામ આવતા બેથી ત્રણ મહિના લાગે, કસરતની અસર ૧૫થી ૨૦ દિવસમાં થાય. વધારામાં વજન ઓછું થાય. ફેફસા ને હૃદય મજબૂત થાય અને કોઈ ખર્ચ ન થાય અને કસરતને પરિણામે ‘એન્ડોર્ફીન’ મગજમાં ઉત્પન્ન થશે અને તેનાથી ટેન્શન ઓછું થશે. ‘જીમ’માં જાઓ. ચાલવા જાઓ, સ્વીમીંગ કરો, લાફીંગ ક્લબની કસરત કરો, યોગાસન કરો, ડાન્સિંગ કરો, તરત ફાયદો થશે.

૩. આઉટડોર ગેમ્સ બહાર જોવા જાઓ અથવા ટીવી પર જુઓઃ તમારું ધ્યાન રમતમાં પરોવાશે અને ધીરે ધીરે એમાં રસ પડશે અને મહિનામાં ડિપ્રેશન ઓછું થશે.

૪. કોઈ વાજિંત્ર શીખો કે ગાવાનો શોખ કેળવો કે ચિત્રકામ શીખોઃ થોડીવાર લાગશે પણ એકવાર એમાં રસ પડશે એટલે તમારી હતાશા અને નિરાશા દૂર થઈ જશે. બધું ગમવા માંડશે કોઈ વખાણ કરશે એટલે મન પરોવાશે અને ડીપ્રેશન જતું રહેશે.

૫. વાર્તાની ચોપડી વાંચોઃ શરૂમાં મન થશે નહિ પણ ભેદભરમની (ડીટેક્ટીવ) વાર્તા વાંચો. પ્રવાસવર્ણન અથવા આત્મકથા વાંચો. ઘણો ફેર પડશે.

૬. ખોરાક (ન્યુટ્રીશન)નું ધ્યાન રાખોઃ લીલા શાકભાજી, તાજાં ફળો, ક્રિમ વગરનું દૂધ, ખજુર, અંજીર, સૂકો મેવો, ઉગાડેલા કઠોળ અને આખું અનાજ (ચાળ્યા વગરનો લોટ), શીંગ, ચણા આ બધાને ખોરાકમાં લેવાનું રાખો. જેનાથી પૂરતા પ્રમાણમાં પ્રોટીન, વિટામીન્સ- મિનરલ્સ મળશે. ૧૨ ગ્લાસ જેટલું પાણી અને બીજું પ્રવાહી લેવાનું ભૂલતા નહીં. આને કારણે તમને ન્યુરો ટ્રાન્સમીટર્સ, લોહી, એન્ઝાઈમ અને હોર્મોન્સ પણ વધારે બનશે અને ડીપ્રેશન જશે.

### શ્રીદેવીની પુત્રીની ફિલ્મને લઈને ચાહકો ઉત્સુક

# જાન્હવી કપુરની નવી ફિલ્મ ૨૦મી જુલાઈના દિવસે રજૂ

### ફિલ્મોમાં હવ સ્ટાર કલાકારોના બાળકોની એન્ટ્રીનો દોર

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૬

જાન્હવી કપુર અને ઈસાન ખટ્ટર અભિનિત રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ધડકનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મને ૨૦મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. શ્રીદેવીના અવસાનના કારણે તેની પુત્રી જાન્હવી દ્વારા અભિનિત ફિલ્મનુ શુટિંગ થોડાક દિવસ માટે રોકી દેવામાં આવ્યુ હતુ. જાણકાર લોકોનુ કહેવુ છે કે ધડક એક રોમેન્ટિક ફિલ્મ છે. ગયા વર્ષે રજૂ કરવામાં આવેલી અને બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ચુકેલી મરાઠી ફિલ્મ સૈરાટની હિન્દી રીમેક બનાવવામાં આવી રહી છે. શુટિંગ અંગે માહિતી ધર્મા પ્રોડક્શનના ઈસ્ટાગ્રામ પેજ પર આપવામાં આવી છે. સ્ક્રિપ્ટના ફોટો સાથે માહિતીની આપલે કરવામાં આવી રહી છે. ફિલ્મના નિર્માતા તરીકે કરણ જોહર છે. જ્યારે ફિલ્મના નિર્દેશનની જવાબદારી આ વખતે શશાંક ખૈતાન સંભાળી રહ્યા છે. ઈસાન અને જાન્હવી આ ફિલ્મ સાથે બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. સ્ટાર કલાકારોના બાળકો બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યા છે. ચન્કી પાન્ડેની પુત્રી પણ બોલિવુડમાં સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ સાથે કરી રહી છે. અન્ય ફિલ્મી કલાકારોના બાળકો પણ સતત પ્રવેશ કરી રહ્યા છે.

સેફ અલી ખાનની પુત્રી અને સુનિલ શેટ્ટીની પુત્રી પણ બોલિવુડમાં એન્ટ્રી કરી રહી છે. અનિલ કપુરની પુત્રી પહેલાથી જ બોલિવુડમાં પ્રવેશી ગઈ છે. હવે આ ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવ્યુ છે. ફિલ્મમાં શ્રીદેવીની મોટી પુત્રી જાન્હવી એન્ટ્રી કરી રહી છે. તેની સાથે શાહિદ કપુરનો નાનો ભાઈ ઈસાન કામ કરી રહ્યો છે. આશાસ્પદ જાન્હવી પહેલાથી જ સોશિયલ મિડિયામાં સતત ચર્ચામાં રહી છે. તે સેલિબ્રિટી પાર્ટી અને ગ્લેમર પાર્ટીના પોતાના ફોટો હમેંશા રજૂ કરતી રહી છે.

### સુશાંત હાલમાં ચંદા મામા દુર કેને લઈને વ્યસ્ત

# કંગના સાથે કામ કરવા માટે સુશાંત ખુબ ઈચ્છુક : રિપોર્ટ

### કંગના લોકોની અપેક્ષાઓ ભવ્ય રોલથી પૂર્ણ કરવા તૈયાર

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૬

સુશાંત સિંહ રાજપુત પોતાની ફેવરીટ સ્ટાર તરીકે કંગના રાણાવતને ગણે છે. તેની સાથે ફિલ્મ કરવા માટે તે ખુબ ઉત્સુક છે. જો કે હાલમાં સુશાંતની ઈચ્છા પૂર્ણ થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ધોની ધ અનટોલ્ડ સ્ટોરી ફિલ્મની સફળતાથી ખુશખુશાળ થયેલા સુશાંત સિંહ રાજપુતે હવે કંગના રાણાવત સાથે કામ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં ચંદા મામા દુર કે ફિલ્મને લઈને નાસામાં ટ્રેનિંગ લઈ ચુકેલા સુશાંતનુ કહેવુ છે કે તે કંગના સાથે કામ કરવા આશાવાદી છે. સુશાંતસિંહે કહ્યુ છે કે તેની ફેવરીટ સ્ટાર તરીકે અનુષ્કા શર્મા છે. તે પીકેમાં તેની સાથે કામ કરી ચુક્યો છે. વર્ષ ૨૦૧૪માં રજૂ થયેલી ક્વીન ફિલ્મ મારફતે તે પોતાને ટોચની અભિનેત્રી હોવાની સાબિતી આપવામાં સફળ રહી હતી. તે હવે આવી જ મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. કંગના રાણાવતે હાલમાં પોતાની ભુમિકાના કારણે તમામ નિર્માતા નિર્દેશકોને આકર્ષિત કર્યા છે. રાણાવતનુ કહેવુ છે કે તો બોલિવૂડમાં ખુબ મજબુત રીતે આગળ વધવા માંગે છે. તે એવી ફિલ્મોમાં કામ કરવા માંગે છે જે ફિલ્મોને ચાહકો હંમેશા યાદ કરતા રહે. સિનેમાનો એક એવો હિસ્સો તે બનવા માંગે છે જેને ચાહકો ક્યારે પણ ભુલી ન શકે પોતાના પસંદગીના લોકો અંગે વાત કરતા કંગનાનું કહેવું છે કે બોલિવૂડમાં તે આમીર ખાનથી ખુબ જ પ્રભાવિત છે. આમીર ખાનની સાથે કંગના હજુસુધી કોઈ ફિલ્મ કરી શકી નથી. પરંતુ તે આમીર સાથે કામ કરવા ઈચ્છુક છે.

કંગનાની મિત્રતા સલમાન ખાન સાથે પણ જાણીતી રહી છે. તે સલમાન સાથે પણ ફિલ્મ કરનાર છે તેવી બાબતો સતત સપાટી પર આવતી રહી છે. પોતાના સ્વભાવના કારણે તે લોકપ્રિય છે. કંગના હાલમાં બે ફિલ્મમાં કામ કરી રહી છે. કંગના રાણાવત હાલમાં મણિકર્ણિકા ફિલ્મમાં કામ કરી રહી છે.

સરકારના કાયદા કરતાં પણ ઉંચી ફી જાહેર કરાઈ

# ૫૩ શાળાઓની પ્રોવીઝનલ ફી જાહેર થઈ : વાલીમાં રોષ

## એફઆરસી દ્વારા ૧૭ હજારથી લઈને ૮૨ હજાર સુધીની કમરતોડ ફી નક્કી કરાતાં વાલીઆલમમાં ભારે નારાજગી

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૬

ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમ(કાયદા)નો સમગ્ર મામલો હાલ સુપ્રીમકોર્ટમાં પડતર છે ત્યારે શાળા સંચાલકો અને વાલીઓ વચ્ચેની ફી મુદ્દે ચાલી રહેલી ધમાસાણ લડાઈ વચ્ચે આજે અચાનક ફી નિર્ધારણ સમિતિ દ્વારા પ્રારંભિક તબક્કામાં ૫૩ જેટલી સ્વનિર્ભર શાળાઓમાં પ્રોવીઝનલ ફી એટલે કે, કામચલાઉ ફીનું માળખું જાહેર કરી દેવાયું છે. જેમાં અમદાવાદ શહેર અને ગ્રામ્યની ૩૭ જેટલી શાળાઓનો પણ સમાવેશ થાય છે. જો કે, અંતિમ ફી સુપ્રીમકોર્ટના ચુકાદાને આધીન રહેશે. જો કે, સૌથી આઘાતજનક અને ચોંકાવનારી વાત એ છે કે, ફી નિર્ધારણ સમિતિ દ્વારા નક્કી કરાયેલી પ્રોવીઝનલ ફી રાજ્ય સરકાર દ્વારા ફી નિયમન કાયદામાં નક્કી કરાયેલી ફી કરતાં પણ અતિશય વધારે અને બેથી ચાર ગણી નક્કી કરવામાં આવી છે. ફી નિર્ધારણ સમિતિ દ્વારા જાહેર કરાયેલા ફી માળખાને લઈ એકબાજુ શાળાં સંચાલકો પોતાનું ધાર્યું કરાવવામાં જાણે સફળ થયા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે, તો બીજીબાજુ, સમગ્ર રાજયના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એફઆરસીના આવા નિર્ણયને લઈ ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો છે. ગુજરાત સરકાર દ્વારા અમલી બનાવાયેલા ફી નિયમન કાયદામાં ફીનું માળખું રૂ.૧૫ હજાર, રૂ.૨૫ હજાર અને રૂ.૩૦ હજારના સ્લેબમાં નક્કી કરવામાં આવ્યું હતું. જો કે, આટલી ઓછી ફીને લઈ શહેર સહિત રાજયના સ્વનિર્ભર શાળા સંચાલકો નારાજ થયા હતા અને તેમણે સરકારના ફી નિયમન કાયદાની કાયદેસરતાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી. પરંતુ હાઈકોર્ટે સંચાલકોની અરજી ફગાવી દઈ તેઓને કોઈ રાહત આપી ન હતી અને સરકારના ફી નિયમન કાયદાને બહાલી આપી હતી. જેથી નારાજ શાળા સંચાલકો સુપ્રીમકોર્ટમાં ગયા છે, જયાં સુપ્રીમકોર્ટે શાળા સંચાલકોની દરખાસ્ત પરત્વે પ્રોવીઝનલ ફી નક્કી કરવા અંગે ફી રેગ્યુલેશન કમીટીને નિર્દેશ કર્યો હતો. જો કે, ફી મુદ્દે અંતિમ નિર્ણય સુપ્રીમકોર્ટના ચુકાદાને આધીન રહેશે તે પણ સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કર્યું હતું. દરમ્યાન આજે ફી નિર્ધારણ સમિતિ દ્વારા ૫૩ જેટલી સ્વનિર્ભર શાળાઓમાં ફીનું માળખુ જાહેર કરાયું હતું, જેમાં આ શાળાઓની પ્રોવિઝનલ ફી ૧૭ હજારથી માંડીને ૮૨ હજાર સુધી નક્કી કરવામાં આવી હતી. સરકારના ફી નિયમન કાયદાથી પણ બેથી ચાર ગણી વધારે પ્રોવીઝનલ ફી સાંભળી અમદાવાદ શહેર સહિત રાજયભરના વાલીઓ તો જાણે ચક્કર ખાઈ ગયા છે. વાલીઓ તો ઉંડા આઘાતમાં ગરકાવ થઈ ગયા છે અને ઉગ્ર આક્રોશ સાથે એવી વેદના ઠાલવી રહ્યા છે કે, એફઆરસી સંચાલકોની છે કે, નિર્દોષ વિદ્યાર્થીઓના હિત માટેની. એફઆરસી જો સરકારના ફી નિયમન કાયદાને પણ ઘોળીને પી જતી હોય તો એનો અર્થ કે, એફઆરસી તો શાળા સંચાલકોના પ્રભાવ અને દબાણ હેઠળ જાણે કામ કરી રહી છે. વાલીઓના આ ગંભીર આક્ષેપોને લઈ ગુજરાત સરકાર પણ મૂંઝવણમાં મૂકાઈ ગઈ છે. એફઆરસીના આ પ્રકારના ઉંચા અને અસહ્ય ફી વધારા ઝીંકતા પ્રોવીઝનલ ફીના માળખાને લઈ રાજયભરના વાલીઆલમમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આગામી દિવસોમાં આ અંગે વાલીઓ વિરોધ કાર્યક્રમો રજૂ કરવાની કવાયત શરૂ કરી દીધી છે.

ખોડલધામના ચેરમેન નરેશ પટેલનો ખુલાસો

# વિવાદને લીધે નહી પરંતુ અંગત કારણોસર રાજીનામું આપ્યું હતુ

## રાજીનામું પરત ખેંચ્યું હોવાનો એકરાર : વ્યકિગત જીવન, બિઝનેસમાં સમય ફાળવી નહી શકાતો હોવાનો બચાવ

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૬

ખોડલધામના ચેરમેન નરેશ પટેલના રાજીનામા અને તેને પાછુ ખેંચી લેવાના છેલ્લા ત્રણ દિવસના ઘટનાક્રમ બાદ આજે ખુદ ચેરમેન નરેશ પટેલ અને ખોડલધામના આગેવાનો એક મંચ પર સાથે આવી પત્રકાર પરિષદને સંબોધી હતી અને સમગ્ર ઘટનાક્રમ અંગે ખુલાસા કર્યા હતા. ખાસ કરીને ખોડલધામના ચેરમેન નરેશ પટેલે પોતાના રાજીનામા અંગે સ્પષ્ટ પણે ખુલાસો કર્યો હતો કે, તેમને કોઈની સાથે વાદ-વિવાદ નથી, તેમણે કોઈની સાથેના આંતરિક કલહના લીધે નહી પરંતુ પર્સનલ કારણોસર અને વ્યકિતગત જીવનને ધ્યાનમાં લઈને પોતાનું રાજીનામું આપ્યું હતું. જો કે, તેમના રાજીનામાથી રાજયભરમાં મચેલા ઉહાપોહ અને પાટીદાર સંસ્થાઓમાં એક પછી એક રાજીનામાં પડતા પરિસ્થિતિની ગંભીરતા અને ખોડલધામના હોદ્દેદારો-વિદ્યાર્થીઓની લાગણીને માન આપી તેમણે પોતાનું રાજીનામું પાછુ ખેંચી લીધું છે. નરેશ પટેલે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, પરેશ ગજેરા પર તેમના રાજીનામાને લઈ જે ગંભીર આક્ષેપો થયા હતા, તે બિલકુલ ખોટા છે. પરેશ ગજેરા તેમના નાના ભાઈ જેવા છે અને પાટીદાર સમાજના અગ્રણી સભ્ય છે, તેની સાથે કે અન્ય કોઈ સાથે તેમને કોઈ મનદુ:ખ નથી પરંતુ, તેમના વ્યકિતગત જીવનમાં સમય નહી ફાળવી શકાતો હોઈ તેમ જ તેમના બિઝનેસ અને અન્ય સંસ્થાઓ માટે તેઓ જે વિકાસ કાર્ય કરવા ઈચ્છે છે તે માટે સમય નહી મળી શકતો હોઈ તેઓ સ્વૈચ્છિક રીતે નિવૃત્તિ લેવા માંગતા હતા અને તે કારણથી જ તેમણે ચેરમેનપદેથી રાજીનામું આપ્યું હતું. હાર્દિક પટેલ દ્વારા ખોડલધામ ટ્રસ્ટનું ભગવાકરણ થઈ ગયું છે અને નરેશ પટેલ સાથે દગો થયો છે તે મતલબના હાર્દિક પટેલ દ્વારા કરાયેલા ટવીટ્ અંગે પ્રતિક્રિયા આપતાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલે જણાવ્યું કે, લોકશાહીમાં બધાને બોલવાની સ્વતંત્રતા છે પરંતુ જે આક્ષેપો છે તેવું વાસ્તવમાં કંઈ છે નહી. ટ્રસ્ટ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતું નથી. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન થયેલા વિવાદ અને ગેરસમજને ધ્યાનમાં લેતા ખોડલધામ દ્વારા એક કમિટી બનાવવામાં આવશે. આ કમિટી આગામી સમયમાં આવી રહેલી લોકસભા ચૂંટણી તેમજ અન્ય ચૂંટણીમાં ખોડલધામના ટ્રસ્ટીઓ, ટ્રસ્ટ તેમજ અન્ય લોકોએ કઈ રીતે વર્તવું તેની નીતિ નક્કી કરશે. તેમના રાજીનામા અંગે તેમણે જાહેરમાં કોઈ ફોડ ના પાડયો તે તેમની ભૂલ હતી. જો કે, ભવિષ્યમાં આ બધી બાબતોનું ધ્યાન રાખવાની તેમણે તત્પરતા દર્શાવી હતી. સાથે સાથે તેમના વ્યકિતજીવન અને સમયની વ્યસ્તતાને લઈ ખોડલધામના ટ્રસ્ટીઓને તેમને વેળાસેર ચેરમેનપદની સેવામાંથી નિવૃત્ત કરવા પણ અનુરોધ કર્યો હતો.

# શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ કરાશે

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૬

માહિતી અને પ્રસારણ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓ અત્યંત મહત્વની છે. રાજ્ય સરકાર દ્વારા યોજાતા ગુણોત્સવ કાર્યક્રમના પરિણામે વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઘડતરમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે ગુણોત્સવ કાર્યક્રમના આઠમા ચરણનો શુભારંભ કરાવતા સચિવએ કહ્યું હતું કે, રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરુ પાડવા માટે શરૂ કરાયેલા આ ગુણોત્સવ કાર્યક્રમને રાજ્યમા પ્રતિવર્ષ વ્યાપક જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મંત્રી મંડળના સભ્યો સહિત ઉચ્ચ સનદી અધિકારીઓની ઉપસ્થિતિમાં રાજ્યભરમાં ગુણોત્સવના આઠમા તબક્કાનો આજે શુભારંભ થયો છે. મુખ્યમંત્રી દ્વારા વિદ્યાર્થીઓમાં ગણન-વાંચન કૌશલ્ય વિકસે તે માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. છેલ્લા સાત ગુણોત્સવના પરિણામે વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઘડતરમાં નોંધપાત્ર વધારો પણ થયો છે જે માત્રને માત્ર આ અભિયાનને આભારી છે. ગુણોત્સવ-૧માં એપ્લસ ગ્રેડની માત્ર ૫ શાળા હતી તે ગુણોત્સવ-૭માં વધીને ૨૧૧૭ થઈ છે.

એજ રીતે બી ગ્રેડની ૩૮૨૩ શાળાઓ હતી તે વધીને ૧૨,૫૫૬ થઈ છે. તેમજ સી અને ડી ગ્રેડની શાળાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેમાં સી ગ્રેડની ૧૨૮૮૭ શાળાઓ હતો તે ઘટીને ૧૬૧૩ અને ડી ગ્રેડની ૧૪૫૮૨ શાળાઓ હતી તે ઘટીને ૩૦૦ થઈ છે. જે આ કાર્યક્રમના સફળ પરિણામ દર્શાવે છે. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરુ પાડવાના આ યજ્ઞમાં રાજ્ય સરકાર જે પ્રયાસો કરી રહી છે નાગરિકો, વાલીઓ પણ યોગ્ય સહયોગ આપશે તો ચોક્કસ વધુ સારા પરિણામો મળશે.

સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ ખાતે

# અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન વધીને ૩૯.૨ ડિગ્રી

## રાજ્યના ઘણા ભાગોમાં પારો હજુ પણ ૪૦થી ઉપર રહ્યો

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૬

અમદાવાદ સહિત રાજયભરમાં ફરી એકવાર ગરમીના પ્રમાણમાં વધારો થયો છે. મહત્તમ તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૨ ડિગ્રી નોંધાયું હતું. અમરેલીમાં આજે મહત્તમ તાપમાન વધીને ૪૦.૭ ડિગ્રી નોંધાયું હતું. કંડલા એરપોર્ટ ખાતે આજે મહત્તમ તાપમાન આજે ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતું. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહેતા તાપમાન ઘટ્યું હતું. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો માત્ર ૩૧ દિવસના ગાળામાં જ માર્ચ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૭૨૭, કમળાના ૧૯૬, ટાઈફોઈડના ૨૭૯ કેસ સપાટી ઉપર આવ્યા છે. જયારે માર્ચ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૬ કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો માર્ચ મહિનાના ૩૧ દિવસના ગાળામાં જ સાદા મેલેરિયાના ૯૯ કેસ આ મહિનામાં સપાટી ઉપર આવ્યા છે. ઝેરી મેલેરિયાના ૯ કેસો નોંધાયા છે. હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થનાર નથી. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન વધીને ૩૯.૨ રહ્યુ હતુ. એટલે કે ગઈકાલની તુલનામાં નહિવત ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૪.૧ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગરમીના પ્રમાણમાં વધારો થતાં લોકો ગરમીનો અનુભવ જોરદાર રીતે કરી રહ્યા છે. હાલમાં વધારે સાવધાન રહેવાની જરૂર દેખાઈ રહી છે. બિનજરૂરીરીતે ઘરની બહાર ન નિકળવાની સલાહ નિષ્ણાંત તબીબો આપી રહ્યા છે. આ ઉપરાંત બહારની કોઈ ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવાની પણ સલાહ લોકો આપી રહ્યા છે. તાપમાનમાં સતત ફેરફારના કારણે બાળકો અને મોટી વયના લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. આજે સૌથી વધારે ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટમાં થયો હતો. જ્યાં પારો ૪૧.૫ ડિગ્રી સુધી રહ્યો હતો. હિટવેવની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ જોરદારરીતે થઈ રહ્યો છે જેથી ચક્કર આવવાના, બેભાન થવાના, પેટમાં દુખાવો થવાના, બ્લડપ્રેશરના ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે. અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગરમીના લીધે જનજીવન પણ ખોરવાઈ ગયું છે. લોકો બપોરના ગાળામાં ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમ પવનો ફુંકાઈ રહ્યા છે. અલબત્ત સાંજે આંશિક રાહત જોવા મળી રહી છે.પવનોની ગતિ અને પદ્ધતિ બદલાઈ રહી છે. હવામાન વિભાગ તરફથી ઉંચા તાપમાન અથવા તો હિટવેવ માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તીવ્ર ગરમી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

મુખ્યમંત્રી રૂપાણીએ ગોવિંદી ગામની શાળાથી શરૂઆત કરાવી

# રાજ્યભરમાં આઠમાં ગુણોત્સવ અભિયાનની વિધિવત શરૂઆત

## પાંચ વર્ષમાં રાજ્યની બધી પ્રાથમિક શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમ શરૂ કરવાની મુખ્યમંત્રીની નેમ : શિક્ષણને સરળ બનાવવા વર્ષે ૨૫૦૦૦ કરોડ

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં ૮માં ગુણોત્સવ અભિયાનની આજે વિધિવતરીતે શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુણોત્સવના રાજ્યવ્યાપી અભિયાનની શરૂઆત પંચમહાલના ગોવિંદી ગામની પ્રાથમિક સ્કુલથી કરાવી હતી. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારણા સફળ પરિણામકારી અભિયાન ગુણોત્સવની ૮મી કડી હેઠળ ૬થી ૭ એપ્રિલ એટલે કે બે દિવસ દરમિયાન રાજ્યની ૩૨૭૮૦ સરકારી સ્કૂલો, ૮૬૩ અનુદાનિત સ્કૂલો અને ૮૦૪ આશ્રમ શાળાના ૫૪ લાખથી વધારે બાળકોની પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાની મૂલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આદિજાતિ જિલ્લા પંચમહાલના ગોવિંદી ગામની પ્રાથમિક શાળાથી રાજ્યવ્યાપી ગુણોત્સવનો પ્રારંભ કરાવતાં આગામી પાંચ વર્ષમાં રાજ્યની બધી જ પ્રાથમિક શાળાઓમાં વર્ચ્યુઅલ કલાસરૂમ શરૂ કરવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, હવેના યુગમાં પરંપરાગત અને બીબાઢાળ શિક્ષણ પ્રણાલિના સ્થાને સમયાનુકુલ પરિવર્તન મુજબ બાળકોને વર્ચ્યુઅલ સ્માર્ટ કલાસ દ્વારા બ્લેક બોર્ડના સ્થાને પ્રોજેક્શન અને પાટી-પેનના સ્થાને પામ ટોપ આધારિત શિક્ષણ દ્વારા આનંદમય શિક્ષણ આપવું એ સમયની માંગ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જ્ઞાનકૂંજ પ્રોજેક્ટ અન્વયે ગત વર્ષે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૪ હજાર વર્ગખંડો રુમાર્ટ કલાસ બન્યા છે. આ વર્ષે વધુ ૪ હજાર વર્ગખંડો સ્માર્ટ કલાસ બનાવવા છે. વિજય રૂપાણીએ ગુણોત્સવ અભિયાન તહેત ગોવિંદી પ્રાથમિક શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ગણન, લેખન અને વાંચન સજ્જતા ચકાસી હતી. તેમણે ઓએમઆર કસોટીના આધારે બીજા ધોરણથી આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવિણતાની ઉંડાણપૂર્વક ચકાસણી કરી હતી. શાળાની ભૌતિક સુવિધાઓ અને શાળા પર્યાવરણનું નિરીક્ષણ કર્યું હતું અને શાળા પ્રબંધન સમિતિના સદસ્યો સાથે શિક્ષણની ગુણવત્તાનો વિમર્શ કર્યો હતો. સમાજના તમામ વર્ગોના સંતાનો માટે શિક્ષણ સરળ અને સુલભ બને, છેવાડાના પરિવારો અને ગામડાના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણની સુવિધા મળે અને એ રીતે સો ટકા સાક્ષરતા સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે, એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ છેલ્લા ૧૫ વર્ષથી ચાલતા શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવના સકારાત્મક પરિણામોની જાણકારી આપતાં જણાવ્યું કે તેના પરિણામે નામાંકન ૯૯ ટકાના દરે પહોંચ્યુ છે. ડ્રોપ આઉટ રેટ ૩૦ ટકાથી ઘટીને ૧.૬૦ ટકા જેટલા નિમ્નતમ સ્તરે પહોંચાડી શકાયો છે. સાક્ષરતાનો દર ૫૦ ટકાથી વધીને ૭૪ ટકા થયો છે. રાજ્ય સરકાર કેજી થી પેજી સુધીના શિક્ષણની કાળજી લઈને વિશ્વસ્તરના વિદ્યાર્થીઓનું ઘડતર કરવા વાર્ષિક ૨૫ હજાર કરોડનો ખર્ચ કરે છે. ૨૦૦૯માં શરૂ કરાયેલા ગુણોત્સવથી શાળાની શૈક્ષણિક શ્રેણીનું સતત સંવર્ધન થયું છે એવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુણોત્સવ શરૂ કરાયો ત્યારે રાજ્યમાં એ પ્લસ શ્રેણીની માત્ર ૦૫ શાળાઓ હતી જે આજે વધીને ૨૧૧૭ થઈ છે. એ શ્રેણીની શાળાઓ ૨૬૫થી વધીને ૧૭૬૫૩ અને બી શ્રેણીની શાળાઓ ૩૮૨૩થી વધીને ૧૨૫૫૬ થઈ છે. અગાઉ ૧૨૮૮૩ શાળાઓ સી ગ્રેડમાં હતી જેની સંખ્યા ઘટીને માત્ર ૧૬૧૩ અને ડી શ્રેણીની શાળાઓ ૧૪૫૮૨થી ઘટીને માત્ર ૩૦૦ થઈ ગઈ છે. આ આંકડા ગુજરાતના ગુણોત્સવની શિક્ષણ ગુણવત્તા સુધારણા અભિયાનની સફળતાના માપદંડ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય યોજના હેઠળ સારવારને લાભ મેળવીને તંદુરસ્તી અને આરોગ્યને પામેલા બાળકોની સાફલ્ય ગાથાનું વિમોચન કર્યું હતું. સ્વચ્છતાગ્રહી વિદ્યાર્થીઓને આજનું ગુલાભ સન્માન આપ્યું હતું અને રાષ્ટ્રીય શિષ્યવૃતિ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પ્રદાન કર્યા હતા. પંચમહાલ જિલ્લાના આ વિસ્તારના વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાનના કૌશલ્યોમાં રાજ્યમાં ટોચનું સ્થાન મેળવ્યું એ સિધ્ધિનો ગૌરવભેર ઉલ્લેખ કરવાની સાથે, જિલ્લા કલેક્ટર એસ કે લાંગાએ સહુને આવકાર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી કિરણ ઝવેરીએ આભાર દર્શન કર્યું હતું.

## રાજ્યના મુખ્ય સચિવ પણ આત્મવિશ્વાસથી પ્રભાવિત

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૬

ગાંધીનગરની સેક્ટર-૨૭ની પ્રાથમિક શાળામાં ધોરણ-૩માં અભ્યાસ કરતી નિરાલી ચૌહાણની આત્મ વિશ્વાસ જોઈ ગુણોત્સવ નિમિત્તે શાળાનું મૂલ્યાંકન કરવા ગયેલા રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જે એન સિંગ ખુબ ખુશ થઈ ગયા હતા. આજથી સમગ્ર રાજ્યમાં ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમનો આરંભ થયો છે. ગુણોત્સવના પ્રથમ દિવસે રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જેએન સિંગે સેક્ટર-૨૭ની પ્રાથમિક શાળાના બાળકોનું મૂલ્યાંકન કર્યું હતું. રાજ્યના મુખ્ય સચિવએ શાળાના બાળકો સાથે પ્રાર્થના કરી હતી. પ્રાર્થના બાદ શાળામાં થતી તમામ કાર્યક્રમમાં તેઓ બાળકો સાથે જોડાયા હતા. ત્યારબાદ સમગ્ર રાજ્યની સરકારી વહીવટી પ્રક્રિયાની દોરી સંભાળતા મુખ્ય સચિવ એક શિક્ષકની જેમ શાળાના વિવિધ ધોરણના વિદ્યાર્થીઓનું ગણન, વાંચન અને લેખન કરાવી મૂલ્યાંકન કર્યું હતું. ધોરણ-૩ના કલાસમાં મુખ્ય સચિવ ગયા હતા.

હાર્દિક પટેલને જેલમાં ધકેલવા સરકારની કવાયત

# રામોલ કેસ : હાર્દિકના જામીન રદ કરવાની સરકારની અરજી

## હાર્દિક પટેલ સામે સેશન્સ કોર્ટે નોટિસ જારી કરી : નવમી એપ્રિલના દિવસે મામલામાં વધારે સુનાવણી હાથ ધરાશે

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૬

રાજદ્રોહ કેસમાં પાટીદાર નેતા હાર્દિક પટેલના જામીન રદ કરાવવા સરકારપક્ષ તરફથી આજે સેશન્સ કોર્ટમાં અરજી કરવામાં આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. સેશન્સ કોર્ટે આ કેસમાં હાર્દિક પટેલ વિરૂધ્ધ નોટિસ જારી કરી કેસની વધુ સુનાવણી તા.૯મી એપ્રિલના રોજ રાખી છે. બીજીબાજુ, હાર્દિક પટેલે રાજદ્રોહ કેસમાંથી બિનતહોમત પોતાની છોડી મૂકવા અંગેની ડિસ્ચાર્જ અરજી ફગાવવાના સેશન્સ કોર્ટના નિર્ણય સામે આજે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણીમાં આજે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે અને કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી વખતે ભાજપ સરકારને હેરાન-પરેશાન કરી નાંખનાર પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર હાર્દિક પટેલ સામેનો હિસાબ પતાવવા સરકાર હવે મેદાને પડી હોય તેમ લાગી રહ્યું છે. હાર્દિક પટેલ સામે રામોલ પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં તેણે શરતી જામીનનો ભંગ કર્યો હોવાથી તેના જામીન રદ કરવા સામે સરકારે સેશન્સ કોર્ટમાં અરજી કરી છે. સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન દરમ્યાન તા.૨૦-૩-૨૦૧૭ના રોજ વસ્ત્રાલ આસ્થા બંગ્લોઝ ખાતે રહેતા ભાજપાના કોર્પોરેટર પરેશ પટેલના ઘર પર હાર્દિક પટેલ અને તેની સાથેના ૫૦ થી ૬૦ લોકોએ હુમલો કર્યો હતો. જે મામલે રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં આરોપી હાર્દિક પટેલે કરેલી જામીન અરજીમાં તેને રામોલ પોલીસ મથકની હદમાં નહી પ્રવેશવાની શરતે જામીન આપવામાં આવ્યા હતા. પરંતુ હાર્દિક પટેલે જામીનની આ શરતનો સરેઆમ ભંગ કરી ગત તા. ૩જી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ રામોલ વિસ્તારમાં જ ગીતાબેન પટેલનાં ઘરે ગયા હતા. આમ આરોપી હાર્દિક પટેલે કોર્ટની જામીનની શરતનો ભંગ કર્યો છે અને અદાલતી ફરમાનનું અપમાન કર્યું છે. આ સંજોગોમાં આરોપી હાર્દિક પટેલના જામીન કોર્ટે રદ કરવા જોઈએ.

પોલીસે આ મામલે હાર્દિકની સાથે રહેલા બે કમાન્ડો સાદિક ઉસ્માનભાઈ અને પ્રાગરાજસિંહ પ્રવીણસિંહના નિવેદનો નોંધી સરકારને ભલામણ કરી હતી કે, હાર્દિકે જામીનની શરતોનો ભંગ કર્યો હોવાથી તેના જામીન રદ્દ કરવા સેશન્સ કોર્ટમાં અરજી કરવી જોઈએ. મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, હાર્દિક પટેલ જો તેને પ્રતિબંધિત કરાયેલા વિસ્તારમાં પ્રવેશે તો તે ટોળાં સાથે જઈ અથવા શક્તિ પ્રદર્શન દ્વારા સાક્ષીઓને ડરાવી ધમકાવી શકે તેમ છે અને કેસના પુરાવાઓ સાથે ચેડા કરી શકે તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપી હાર્દિક પટેલના જામીન રદ કરવા જોઈએ.

૧.૩૮ કરોડ ઉપાડી લેવાનો ચકચારી મામલો

# સીએ શેઠનાને જામીન આપવા સેશન્સ કોર્ટે કરેલો સાફ ઈનકાર

## પત્નીએ આરોપી પતિ શેઠના સામે નવરંગપુરા પોલીસમાં ફરિયાદ કરી હતી : કોર્ટે આરોપીની જામીનઅરજી ફગાવી

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૬

શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલ એન્વાયર્નમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની જાણ બહાર ચેકીમાં ખોટી સહીઓ કરી રૂ.૬.૮૫ કરોડની ઉચાપત કરવાના ચકચારભર્યા કેસમાં સંડોવાયેલા આરોપી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેહમુલ શેઠનાને આજે વધુ એક મોટો ઝટકો સેશન્સ કોર્ટમાંથી મળ્યો છે. પોતાની પત્ની સાથેના જોઈન્ટ બેંક એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટમાંથી રૂ.૧.૩૮ કરોડથી વધુની રકમ બારોબાર ઉપાડી લઈ છેતરપીંડી કરવા અંગેની ખુદ શેઠનાની પત્નીએ નવરંગપુરા પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદના કેસમાં અત્રેની સેશન્સ કોર્ટે આરોપી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેહમુલ શેઠનાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. કોર્ટે આરોપી સીએ તેહમુલ શેઠનાની વર્તણૂંક અને તેના ગુનાના પ્રકાર અંગે પણ ગંભીર નોંધ લીધી હતી અને તેને જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. આરોપી સીએ તેહમુલ શેઠનાના જામીન ફગાવતાં કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી સામે આ કેસમાં પ્રથમદર્શનીય પુરાવો હોવાનું ફલિત થાય છે. વળી, આ ગંભીર ગુનાની તપાસ હજુ ચાલુ છે અને વધુ પુરાવા એકત્રિત કરવાના બાકી છે ત્યારે આરોપી સીએ મોટી વગ ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોઈ જો તેને જામીન પર મુક્ત કરાય તો, ફરિયાદી તેમ જ અન્ય સાહેદોને યેનકેન પ્રકારે દબાણમાં લાવી, તપાસને નડતરરૂપ થાય તેવી શકયતા છે. એટલું જ નહી, આ કેસમાં આરોપી દ્વારા કેસના પુરાવા સાથે ચેડા થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપી સીએ તેહમુલ બરજોર શેઠનાની જામીન અરજી ફગાવી દેવામાં આવે છે. આરોપી સીએ તેહમુલ શેઠનાની રેગ્યુલર જામીનઅરજીનો સખત વિરોધ કરતાં મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં આરોપી સીએ વિરૂધ્ધ ખુદ તેમની પત્નીએ જ નવરંગપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. જે જોતાં આરોપીએ પોતાના આર્થિક લાભ માટે ફરિયાદી પત્નીની ખોટી સહીઓ કરી, બંનેના જોઈન્ટ એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટમાંથી રૂ.૧.૩૮ કરોડથી વધુ રકમ બારોબાર ઉપાડી અંગત કામમાં વાપરી નાંખી ફરિયાદી પત્ની સાથે ગંભીર છેતરપીંડી અને વિશ્વાસઘાત આચર્યા છે. આ કેસમાં ફરિયાદીની ફરિયાદ અનુસંધાનમાં એફએસએલ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં પણ એફએસએલ રિપોર્ટ પણ આરોપી સીએની વિરૂધ્ધમાં આવ્યો છે. સમગ્ર કેસની તપાસ દરમ્યાન આરોપી સીએ વિરૂધ્ધ પૂરતા અને મજબૂત પુરાવા મળી આવ્યા છે તે જોતાં તેમની વિરૂધ્ધમાં પ્રથમદર્શનીય કેસ બને છે અને તેથી કોર્ટે કોઈપણ સંજોગોમાં આરોપી સીએ તેહમુલ શેઠનાની જામીઅરજી ફગાવી દેવી જોઈએ. સરકારપક્ષની આ દલીલો ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટે આરોપી સીએ તેહમુલ શેઠનાના જામીન ફગાવી દીધા હતા. ઉલ્લેખનીય છે કે, આરોપી સીએ તેહમુલ શેઠના વિરૂધ્ધ નવરંગપુરા વિસ્તારમાં આવેલ એન્વાયર્નમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની જાણ બહાર ચેકીમાં ખોટી સહીઓ કરી રૂ.૬.૮૫ કરોડની ઉચાપત કરવાના ચકચારભર્યા કેસમાં પણ ફરિયાદ નોંધાયેલી છે. આ એ જ સીએ તેહમુલ શેઠના છે કે, જેણે નોટબંધી દરમ્યાન મહેશ શાહનું રૂ.૧૩,૬૮૦ કરોડનું કાળુ નાણું જાહેર કર્યું હતું. આટલી મોટી છેતરપીંડીના કેસમાં સીએ તેહમુલ શેઠનાને રિમાન્ડ પર સોંપાતા સીએ આલમમાં પણ ભારે ચકચાર મચી ગઈ હતી.